श्री महालक्ष्मीमातकी जय.

श्रीगौड विजय.

ઉપયોગી, બોધદાયક લેખો સાથે

સ્વજ્ઞાતી બંધુઓની આજ્ઞાથી

બનાવી, છપાવી તૈયાર કરનાર તથા પ્રકાશક

કેશવલાલ ભોળાશંકર પંડ્યા, બાળવૈદ્ય

પેટલાદ.

છગજી (છબીલરામ) મકનજી પંડ્યા

ફીણાવ.

હાલ સુણાવની મુખ્ય સ્કુલના હેડમાસ્તર.



અમદાવાદ.

ધી "ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ"માં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કીંમત રૂ. ૦—૪—૦

श्री महालक्ष्मीमातकी जय.

श्रीगौड विजय.

ઉપયોગી, બોધદાયક લેખો સાથે
સ્વજ્ઞાતી બંધુઓની આજ્ઞાથી
બનાવી, છપાવી તૈયાર કરનાર

કેશવલાલ બાળાશંકર પંડ્યા, બાળવૈદ્ય
પેટલાદ.

છબજી (છબીલરામ) મકનજી પંડ્યા
ફીણાવ.
હાલ સુણાવની મુખ્ય સ્કુલના હેડમાસ્તર.



ધી "ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ" મા
શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

કીંમત રૂ. ૦-૪-૦

સાડત્રાંસના શ્રીગૌડ બન્ધુઓ.

સંવત ૧૯૬૫ ના પોષ વદી ૧૨ ને વાર ભોમે નડીયાદ મુકામે પવિત્ર મહાત્મા સંતરામના મંદીરમાં સ્વજ્ઞાતિ બન્ધુઓ ભેગા થઇ, સ્વજ્ઞાતિના સુધારાર્થે કેટલાક ધારા બાંધેલા, તે ધારા તથા તેને અંગે કેટલાંક સુબોધદાયક વિવેચનો લખી, એક નાના પુસ્તકના આકારમાં છપાવી બહાર પાડી, તેની એકેક નકલ જ્ઞાતિ બન્ધુઓને ઘરદીઠ આપવી; કે જેથી સર્વની યાદમાં રહી તે પ્રમાણે વર્તે. આ પ્રમાણે ઠરાવ થયા પછી તે ધારાની સઘળી નકલો મારી પાસે હોવાથી મેં તે ધારા તથા મારાથી બની શકે તેવું કેટલુંક લખાણ લખ્યું; પણ મારા વૈદકના ધંધાને લીધે અને લાંબી મુદતની જાત્રાએ જવાથી પુસ્તકના આકારમાં લખવું બની શક્યું નહીં. તેથી મેં મારા મિત્ર અને સુણાવની સરકારી નિશાળના હેડ માસ્તર પંડ્યા છબજીભાઈ (છબીલરામ) મકનજી સારી કેળવણી પામેલા છે, ને હજી પણ કેળવણી ઉપર પૂરતું લક્ષ આપે છે તે હરેલ પુરૂષને આપણી જ્ઞાતિનું ભલું થાય; એવું એક નાનું પુસ્તક નીતિમય ઈબારત સાથે લખી તૈયાર કરવા સુચવ્યું. તે ઉપરથી તે ઉત્સાહી નરે થોડી મુદતમાં ઘણી સારી બોધક ઈબારતો લખી એક નાનું પણ ઘણું ઉપયોગી પુસ્તક બહાર પાડયું, અને સ્વજ્ઞાતિની સેવામાં મૂકી સારી સેવા બજાવી છે.

આ નાનું પણ સ્વજ્ઞાતિને ઉપયોગી પુસ્તક તેમણે લખ્યાપછી પ્રુફ સુધારી છપાવી પ્રકટ કરવાનું કામ, પણ તેમનેજ સોંપવામાં આવ્યું. તેમાંપણ તેમણે શ્રમ લઇ પોતાના વખતનો લાભ આપી સ્વજ્ઞાતિની સારી સેવા બજાવી છે.

આ નાનું પુસ્તક સ્વજ્ઞાતિ ભાઇઓની આજ્ઞાથી જ્ઞાતિને ખર્ચે છપાવી બહાર પાડવામાં આવ્યું છે.

કેશવલાલ બાળાશંકર વૈદ્ય
પેટલાદ.

પ્રસ્તાવના.

સ્વજ્ઞાતિભાઇઓ.

સંવત ૧૯૫૫ ના પોષ શુદી ૧૨ સાડત્રીસના શ્રીગૌડ બંધુઓ શ્રીનડીયાદ મુકામે પવિત્ર મહાત્મા સંતરામના મંદીરમાં એકઠા થઇ સ્વજ્ઞાતિ સુધારવાના કેટલાક ધારા બાંધ્યા. અને તે ધારા પ્રમાણે ચલાવવા એક ચોપડીમાં છાપી દરેક જ્ઞાતિ બન્ધુના ઘરદીઠ આપવી. કે જેથી તેમના સ્મરણમાં હમેશાં રહે. આવો ઠરાવ થયા ઉપરથી મારા મિત્ર કેશવલાલ બાળાશંકરના મનમાં તથા મારા મનમાં આવ્યું કે આ સુધારેલા ધારા અને કેટલુંક બીજું વિવેચન લખી એક નાના પુસ્તકના આકારમાં તૈયાર કરી છપાવવું.

આવો વિચાર થયા ઉપરથી ભાઈ કેશવલાલે કેટલુંક લખાણ લખ્યું પણ પોતાને લાંબી મુસાફરીની જાત્રાએ જવાનો વિચાર થયો. અને તે ગયા.

જાત્રા કરી આવ્યા બાદ કેટલાક દિવસ મુસાફરીના પાણી વિકારથી તેમનું શરીર સારૂં રહ્યું નહીં. વળી વૈદકના કામથી પણ પરવાર આવતો નહોતો સબબ આ નાનું પુસ્તક કેટલાક નીતિ અને બોધદાયક રસિક વિષયો લખવા મને આપ્યું તે ઉપરથી મા'રાથી બનતી મેહેનતે પુસ્તક મોટું ન થાય અને જોઇતી ઈબારત આવે એવી રીતે સંકલના રાખી નીતિમય કેટલાક વિષયો લખ્યા.

આપણી સ્વજ્ઞાતિના પાંચ જાતના શ્રીગૌડ બ્રાહ્મણો છે, તેમની ઉત્પત્તિ તથા અટકો, ગોત્ર, શાખા, પ્રવરો પુરાણને આધારે બતાવેલાં છે તે ઘણાં જ્ઞાતિપ્રિય થઇ પડશે. વળી શ્રીગૌડનાં ગામ તેમ તેમાં વસ્તી, સંખ્યા વગેરેના પણ કોઠા આપ્યા છે. તે ઉપરથી તે કેટલું ઉપયોગી છે તે જણાશે; સાડત્રીસ તપાનાં દરેક ગામ અને તેમાં રહેતી સંખ્યા પણ જણાવી છે તેથી અજાણ માણસ હોય અગર પરદેશ વસતો હોય તેને પણ ઉપયોગી થઇ પડશે કે ફલાણાં ગામમાં આપણી જ્ઞાતિનાં આટલાં ઘર છે.

કેળવણી અને નીતિ વિષે વિષયો લખ્યા છે તે પણ વાંચેથી માલમ પડી આવશે કે હાલના સુધરતા જતા જમાનાને અનુસરીનેજ છે, ને તે ઘણુા ઉપયોગી થઇ પડશે.

ઘણી બ્રાહ્મણોની જ્ઞાતિઓ કરતાં આપણી જ્ઞાતિ ઘણી પછાત અને ગરીબ છે, ઘણી ન્યાતો સુધરી ગઇ છે તે પ્રમાણે આ નાના પુસ્તકમાં દર્શાવેલા સ્વજ્ઞાતિ ભાઇના ઠરાવેલા ધારા પ્રમાણે ચાલી કેળવણીમાં આગળ વધશો તો નક્કી આપણું શ્રેય થશે.

હું આશા રાખું છું કે કાળ બળ પ્રમાણે હરેક માણસે વર્તવું; એ પોતાનો પેહેલો ધર્મ છે. અને તે પ્રમાણે વર્તી સ્વજ્ઞાતિબન્ધુઓ વિચારશીલ થાય, અને પરસ્પર દ્વેષરહિત થઇ સઘળા જ્ઞાતિ બંધુમાં ભ્રાતૃભાવ ઉત્પન્ન થઇ પોતાની ઉછરતી સંતતિ ને સમયની કેળવણીનો લાભ આપે, તો મા'રા લખાણથી હું કૃતાર્થ થયો સમજીશ.

આપ જોશો તો દશ પંદર વરસમાં એક દાખલા તરીકે કહું છું કે ચરોત્તરનાં મોટાં ગામોમાં પાટીદાર કોમ કેટલી આગળ પડતી થઈ ગઇ છે. જ્યાં જોશો ત્યાં કેળવણીમાં, મોટી નોકરીમાં, ભપકાબંધ પોષાકમાં પાટીદાર નજરે પડશે, તો વિદ્યામાં હંમેશથી માન પામતા આવેલા બ્રાહ્મણો પોતાનું બ્રહ્મ તત્વ અને વિદ્યા ખોવા બેઠા છે, માટે હજી કંઈ ચેતો, અને તમારાં ઉછરતાં ફરજંદો સારે ધંધે લાગે, એવી સારી કેળવણી આપો કે તે તમને આશિર્વાદરૂપ થાય.

મા'રી કરેલી કેટલીક સુચનાપર સ્વજ્ઞાતિ ભાઇઓનું લક્ષ જશે, અને તેમના મનમાં તે ઠસશે તો મ્હારી બજાવેલી સેવાથી હું કૃતાર્થ થઇશ.

માણુસ માત્ર ભુલથી ભરેલો છે, તેથી કદી મ્હારા લેખમાં કંઇ દોષ માલમ પડે તો તે મ્હારા જ્ઞાતિ બંધુઓ, દરગુજર કરી ક્ષમા કરશો.

આશ્વિન શુકલપક્ષ પુર્ણિ	લી. સ્વજ્ઞાતિનો ચર્ણ રજ સેવક.
હાલ સુણાવ.	પંડયા છબજી (છબીલરામ) મકનજી

ઈશ્વરપ્રાર્થના

હે પરબ્રહ્મ, પરમાત્મા પરમેશ્વર !! તમે સત્ય છો, પવિત્ર છો, જ્ઞાનમય છો, તમારો પાર હું પામરજીવ પામી શકતો નથી. આ સંસારમાં સત્યકર્મ કરવા તમે મ્હને જન્મ આપ્યો છે એમ તમે આપેલી વિવેક બુદ્ધિવડે કરીને વિચાર કરવાથી મ્હને બોધ થાયછે. પણ હે પીતા ! હું તમારી ઇચ્છા પ્રમાણે ચાલ્યો નથી. મ્હારા પાછલા કૃત્યોનો વિચાર મારા મનમાં કરૂંછું ત્યારે મારા ચિત્તને અતિ ક્લેશ, ખેદ, અને દુઃખ થાય છે; મ્હારી શી ગતી થશે, એ વિશે વિચાર કરૂંછું તો હું કેવળ ભયભીત તથા ભ્રમિત થાઉ છું. ઘણી વેળા તમને ભુલી જઇને દુષ્ટ નઠારાં કૃત્યો મ્હેં કર્યાં છે. પરોપકાર, દયા, ક્ષમા, તથા મ્હારા ભાઇ મનુષ્ય જાતને સુખ થાય, એવા કંઇ પણ પુણ્યનાં કામ કરવાં જોઇએ તેવાં મ્હેં કર્યાં નથી. ઉલટો તેઓનો દ્રોહ કરીને તેઓના ઉપર સમાનભાવ રાખવાને બદલે તેઓને તુચ્છ ગણ્યા છે. તેઓનું દ્રવ્ય લેવામાં તથા તેઓને દુઃખી કરવાને અનેક પ્રકારના પ્રપંચ તથા છળભેદ કર્યા છે. મ્હારાં કુકર્મો આ વેળા સંભારૂંછું તો મ્હારાં રોમ ઉભાં થાય છે, કંપારો છુટે છે, પણ એટલોજ માત્ર વિશ્વાસ છે કે તમે પતિત પાવન, પરમકૃપાળુ અને ક્ષમાવાન છો એજ વિશ્વાસથી મ્હારા મનને શાંતિ થઇ, આશા થાય છે કે હું મ્હારા પાપ કામનો ખરેખરો પસ્તાવો કરી હવેથી પાપ નહી કરૂં એવી સત્ય પ્રતિજ્ઞા કરીશ; તો તમે મ્હારાં પાપ કામની ક્ષમા આપશો. માટે હે પરાત્પરા પ્રભુ તમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિનંતી કરૂંછું કે તમે મ્હારાં પાછલાં પાતકોની માફી આપી મ્હારૂં અંતઃકરણ શુદ્ધ કરો. મ્હને સારો માર્ગ બતાવો. અને સદાકાળ તમારી ભક્તિ ને ઉપાસના કરૂં અને તમારા કરેલા પરોપકારનું સ્મરણ માગી તમારી ઇચ્છા પ્રમાણે ચાલું, લોકહિતાર્થના કામ કરૂં; અને મ્હારા આત્માનું કલ્યાણ થાય; અને પરલોકમાં અક્ષય સુખ ભોગવું એવો હે કરૂણાસિંધુ પ્રભુ ! મ્હને આશિર્વાદ દેજો.

મન, શરીર, અને વાણીવડે કરીને મ્હારા જાતિબન્ધુ મનુષ્યભાઇઓને દુઃખ ન દેઉં, તેમના કલ્યાણમાં મ્હારો દેહાર્પણ થાય, તારી ભક્તિમાં સદા તત્પર રહેવાય; મનોબળના વિકાર શુદ્ધ થાય, અને પવિત્ર ચિત્તે પરોપકારનાં કામમાં હમેશ મન પ્રેરાતું રહે એવી તું હમેશ પ્રેરણા કરજે. શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

અર્પણ પત્રિકા.

હે મહાલક્ષ્મીદેવી ? ? ત્રણે લોકમાં માયારૂપ કાત્યાયની
દેવી, શુંભ દૈત્યનો વધ કરનારી દેવી, કાળ રાત્રી રૂપી
દેવી, દુર્ગ મારગમાં નિવાસ કરનારી દેવી, વીંધ્યાચળ
પર્વત નિવાસી દેવી, જયા, વિજયાદેવી, અનેક
દેવી ગુણ ધારણ કરનારી દેવી; અમો તમારા
ઉપાસકો તને અમારી કુળદેવી, અમારા
વંશની વૃદ્ધી કરનાર પવિત્ર, મંમાયા,
તને આદ્યશક્તિરૂપ માની આ લઘુ
પુસ્તક પ્રાર્થના યુક્ત અર્પણ કરીએ
છીએ; તે તું દયા કરી સ્વિકારજે.

અમો,

તારા ઉપાસકો, અને હમેશ
તને પુજ્ય બુદ્ધિથી જોનારા
શ્રીગોડ જ્ઞાતિ બંધુઓ.

શ્રી ગણેશાય નમઃ

શ્રી મહાલક્ષ્મીમાતા સત્ય છે

સુચના.

સાડત્રીશ ગ્નાતીના જુના માળવી શ્રીગોડ સમસ્ત બંધુ ભાઇઓ અને આપણી ગ્નાતીના સર્વે ભાઇઓ સંવત ૧૯૬૫ ના પોશ વદી ૧૨ વાર ભોમે ભેગા થઇ ઠરાવ કરેલા તે નીચે પ્રમાણે તથા એ ઠરાવ સર્વ ભાઇઓએ પાળવા તે વિશે નમ્રતા પૂર્વક સુચના આપુંછું તે ઉપર લક્ષ રાખશો એવી આશા છે. આપણા વડીલોએ પ્રથમ સાડત્રીશ બાંધી. તે વખતે નાતના સુધારા વાસ્તે કેટલો વિચાર કરીને બાંધી હશે કે તેમના નિબંધ પ્રમાણે આજ સુધી ચાલ્યું. ને આપણા અરાડ હજાર શ્રીગોડ એટલે ચાતુર દેશમાં આપણે ગૃહસ્થમાં ગણાયા. અને સાડત્રીશને સારી ઉપમા મળેલી. તે એટલે આજકાલ એટલે દશકાથી બગડી ખોટી પાયરી ઉપર નાત આવી. તેનું કારણુ કે કન્યાવિક્રય, વ્યભિચાર, ઈર્ષાવાદ, દુર્વ્યસન, વીગેરે દુર્ગુણુથી દુર્બળ સ્થાતિમાં આવ્યા. તથા વસ્તી પણ ઘટી માટે સર્વ બંધુ ભાઇઓને નમ્રતા પૂર્વક વિનંતી સાથે કહેવાનું કે ગ્નાતી ભાઇઓએ મળી જે ઠરાવ કર્યા તે પાળવા.

૧–પ્રથમ કન્યાવિક્રય ન કરવો એ ઘણું સારૂં છે. શાથી કે કન્યાવિક્રયથી વરનો બાપ દેવાદાર થાય છે, ને કન્યાના બાપ પાસે એ માટી વેચ્યાથીજ પૈસા રહેતા નથી. ને કન્યા રાંડે અગર ગુજરી જાય, એટલે બંનેને તેનું નુકશાન. શાથી કે મહાલક્ષ્મીમાતા કન્યાવિક્રયથી કોપે છે. તેથી તથા કન્યાવિક્રય વાળાનું અન્ન ગ્નાતિ ભાઇઓને ખવરાવે તેનું પ્રાયશ્ચિત બંનેને ભોગવવું પડે છે. તે ઉપર દ્રષ્ટાંત કહું છું—

એક બ્રાહ્મણને ત્યાં છોકરૂં નહીં, તેથી કોઇ સંતે બાધા આપી કે તમારે ત્યાં છોકરૂ થાય તો તે પાંચ વરસનું થાય, ત્યારે એની વિષ્ટાના પાંચ ગ્રાસ ધણી ધણીધણીઆણીએ બંનેએ ખાવા; આવી આખડી રાખે તો છોકરો થશે. તે પ્રમાણે તેમણે કબુલ કરી બાધા રાખી તેથી છોકરો થયો. તે છોકરો પાંચ વરસનો થયો, હવે

વિષ્ટા શી રીતે ખવાય, તેમણે ભણેલા બ્રાહ્મણોને પુછયું કે, હવે અમારે શી રીતે કરવું? તેમણે ધર્મ પ્રમાણે બતાવ્યું કે-જેણે કન્યા-વિક્રય કર્યો હોય અને તે કન્યાં પરણુતી હોય, તે વખત તેને ઘેર જઇ એ અનાજના પાંચ ગ્રાસ લઇ ઘેર આવવું. તો તે પણ વિષ્ટા બરોબર છે. તે પ્રાયશ્ચિત લાગવાથી બુદ્ધિભ્રસ્ટ થાય છે, અને વસ્તી કમી થાય છે માટે કોઇએ કન્યાવિક્રય કરવો નહી.

૨-વ્યસન તથા વ્યભીચાર એ બંને ચીજો સરખા છે. કારણ વ્યસનીને પણ ખૂણે પેસવું પડે છે. ને વ્યભીચારીને પણ છુપાવું પડે છે. ને લોકમાં ખોટી અફવા ચાલે છે. વ્યસનથી નુકશાન—બીડી પીનારને કેટલો ગેરફાયદો છે કે હોઠ કાળા પડે છે, તેવીજ રીતે છાતી કાળી પડે છે, તેની ગરમીથી ધાતુ તવાય છે, ક્ષય થાય છે, જીવની હાની થાય છે. દારુ પીવાથી ધર્મસિંધુમાં તથા મુસલમાની કુરાનમાં લખ્યું છે કે દારુનો છાંટો જ્યાં પડે તે જગ્યા નરકમાં જાય, તો કાયામાં ઘાલવાથી જીવની શી દશા થાય તે વિચારશો તો માલમ પડશે. ગાંજો પીવાથી પણ બીડીના જેવુંજ નુકશાન થાય છે. વ્યસન કરવાને પૈસા ના મળે તો આખર ચોરી કરવી પડે ને તેથી ઈજતને બટો બેસે. આ ચાલતા જમાનામાં જુવાની-આઓએ વ્યસન બંધ કરવું જોઇએ અને બંધ કરશે એવી આશા છે.

વ્યભિચાર વિશે-વ્યભિચારી સ્ત્રીઓ તથા મરદોએ જમા-નાને સમજીને આવો નીચ ધંધો કરવો નહીં—શાથી કે સ્ત્રી એ ધંધો કરે છે તો પોતાના બાપનું તથા મોસાળનું તથા સાસરીનું એ ત્રણેનું કુળ વગોવાવે છે. તથા પોતાનો પૈસો તેવી દુષ્ટ સ્ત્રીઓ પોતાના જ્ઞાતીલાને નહી ખવરાવતાં પારકી નાતના જાર પુરુષોને ખવરાવે છે અને જ્ઞાતીમાં તે પાપી સ્ત્રી અતીશય નિંદાય છે. ઊ-છરતા જુવાનીઆએ આ વાત સમજવાની છે.

કે. બા.

ૐ

શ્રીમહાલક્ષ્મીમાતા સદા સહાય કરો.

શ્રીગૌડ બ્રાહ્મણની ઉત્પત્તિ અને તેઓ પ્રથમ ગુજરાતમાં ક્યારે આવ્યા?

(લેખકઃ—છ. મ. પં.)

૧ આગળનાં સંસ્કૃત પુસ્તકોને આધારે.

શ્રીગૌડ બ્રાહ્મણની ઉત્પત્તિ, પ્રથમ શ્રીનગરમાં થઇ. (કાશ્મિરનું શ્રીનગર હશે.) અને તે વખતથીજ કુળદેવી આપણાં મહાલક્ષ્મી માતા હતાં. ત્યાં વસ્તી ઘણી વધવાથી મહાલક્ષ્મીના પુજનાર, કુળદેવી માનનાર શ્રીગૌડ બ્રાહ્મણોએ શ્રીમહાલક્ષ્મીની પ્રાર્થના કરીઃ કે હવે આ દેશમાંથી બીજા કોઇ દેશમાં જ્યાં તમારી દેવી ઇચ્છા હોય, ત્યાં લઇ જઇ અમને વસાવો. કારણ કે પાસેના પ્રદેશોમાં પરધર્મીઓએ ધર્મભ્રષ્ટ કરવા માંડયો છે; માટે આ દેશમાંથી બીજા કોઇ રમણીય દેશમાં જઇ વસવાની અમારી ઇચ્છા થઇ છે; આ પ્રમાણેની શ્રીમહાલક્ષ્મી માતાની ઘણી પ્રાર્થના કરી. ત્યારે શ્રીમહાલક્ષ્મી માતાજી પ્રસન્ન થયાં; અને તેમાંના થોડા પોતાના ભક્તોને દર્શન દઇને કહ્યું કે—એક અઠવાડીઆમાં હું તમારે માટે રહેવાને નગર વસાવી તમને ત્યાં જવાની આજ્ઞા આપીશ. આવું કહેવાથી સર્વને ઘણો આનંદ થયો.

એક અઠવાડીયું થયું, ત્યારે સર્વ પવિત્ર માતાજીના મંદીરમાં એકઠા થઈ સ્તુતિ કરવા લાગ્યા. ત્યારે માતાજીએ પ્રસન્ન થઇ અદ્રશ્ય રહી કહ્યું કે સર્વ પ્રકારની સમૃદ્ધિવાળા માળવા દેશમાં શ્રીહર્ષાખ્ય નામે નગર તમારે માટે વસાવી મુક્યું છે. અને તે પવિત્ર નગરમાં મ્હારા નિવાસ માટે એક સુશોભિત મંદીર પણ તૈયાર કરી રાખ્યું છે. તે મંદીરમાં મ્હારી સ્થાપના કરી તમે સર્વ પોતાના કુટુંબ કબિલા સાથે તે નગરમાં જઇ રહો. આવી શ્રીમહાલક્ષ્મી માતાજીની આજ્ઞા થવાથી અઢાર હજાર શ્રીગૌડ ત્યાંથી નીકળી શ્રીમહાલક્ષ્મી

માતાજી સહવર્તમાન શ્રીહટ્ટાખ્ય નગરમાં માળવા દેશમાં આવી રહ્યા. શ્રીનગરમાંથી આવી શ્રીહટ્ટાખ્ય નગરમાં રહેનાર શ્રીગૌડ બ્રાહ્મણ મહાલક્ષ્મી માતાજીના પ્રતાપે વિદ્વાન, તેજસ્વી અને પૈસે ટકે ઘણા સુખી હતા. અને તેઓ નગરમાં ગૃહસ્થ કહેવાતા હતા. અને વેદને જાણનાર એવા પવિત્ર મનાતા હતા; અને તેમનું દિવસે દિવસે તે નગરમાં ઘણું માન વધવા માંડયું. અને તેમના ઉપર મહાદેવીની કૃપા વધવા માંડી.

એક દિવસે શ્રીમહાલક્ષ્મીએ પોતાને અધિષ્ટાતા માનનારા પોતાના પુજારીઓ શ્રીગૌડ બ્રાહ્મણોને કહ્યું કે–હે મ્હને પ્રસન્ન ચત્તે, માનનાર શ્રીગૌડ બ્રાહ્મણો ! હું તમને આજ્ઞા કરૂ છું કે–તમારે કોઇ ધનવાન માણસ પાસે જઇ ધનની યાચના કરવી નહિ. હું તમારા સર્વના ઘરમાં ફરતી રહીશ; અને કોઇને ખૂટકો પડવા દઇશ નહિ.

જો તમે બીજા ધનવાન માણસો પાસે ધનની યાચના કરશો તો મ્હારી કૃપાવડે મળેલું ધન તમારી પાસેથી જતુ રહેશે. જ્યાં સુધી તમે અયાચક રહેશો ત્યાંસુધી હું તમને કોઇ વાતની ખોટ પડવા દઇશ નહીં. પણ જ્યારે યાચક થશો ત્યારે હું તમને સહાય રહીશ નહીં. અને મ્હારૂ આપેલુ સર્વ તમારી પાસે રહેશે નહીં. એમ કહી માતાજી અંતર્ધ્યાન થઇ ગયાં. મહાલક્ષ્માના પ્રતાપથી, અને પોતાના સદાચરણથી નીતિમાન વર્તનથી હમેશનાં નિત્ય કર્મ, તપશ્ચર્યા, વગેરે મહાબ્રહ્મ ગુણોથી તે શ્રીગૌડ બ્રાહ્મણો આનંદથી વર્તતા હતા. તથા બ્રહ્મચર્ય તથા નિત્ય નિયમ પાળવાથી તેમને કોઇપણ પ્રકારનો વ્યાધિ પીડા કરતો નહોતો. આવી રીતે શ્રીહટ્ટાખ્ય નગરમાં ઘણાં વરસ સુખાનંદમાં ગયાં. પછી એક વાત એવી બની કે –

શ્રીહટ્ટાખ્ય નગરનો વિશ્નુશર્મા નામનો ગૃહસ્થ, અને પવિત્ર શ્રીગૌડ બ્રાહ્મણ અગ્નિ હોત્રની દિક્ષા લઇને તિર્થયાત્રા કરવા નીકળ્યો. પોતાનાં સગાં સાથે યાત્રા કરતો કરતો વિશ્નુશર્મા ઘણાં તિર્થ ફર્યો. અને તિર્થાટનમાંથી પાછો ફરતાં પોતાના કુટુંબ તથા સગાં સાથે શુદ્ધવર્મા નામનો એક પ્રતાપી પુન્યવાન રાજા, કે જે યજ્ઞો કરવામાં પોતાને પુન્યવાન માનતો હતો તેના નગરમાં આવી ચઢયો. અને તે રાજાના પુન્યશાળી નગરમાં થોડા દિવસ વિશ્રામ કરવાનો વિચાર કર્યો.

શુદ્ધવર્મા રાજા આ વખતમાં એક મ્હોટા યજ્ઞનો આરંભ કરી તેના વરણમાં ઘણા વિદ્વાન, પવિત્ર બ્રાહ્મણોને નોતરેલા હતા, અને એક મ્હોટો સભા મંડપ રચાવી તેમાં નગરના મહાજનો, પોતાના અમીર, ઉમરાવો, ગુણીજનો સહિત બીરાજતો હતો. યજ્ઞશાળાના મંડપની શોભા અપુર્વ કરી હતી. તેમાં બીરાજેલા પવિત્ર વિદ્વાન બ્રાહ્મણો પાસે એક મહાયજ્ઞનો આરંભ કરી રહ્યો હતો. આવાજ સમયમાં વિશ્નુશર્મા પોતાનાં સગાંસહિત આ નગરમાં આવી પહોચ્યો. નગરની બહાર એક સુંદર સરોવર હતું, તેની પાસે એક શુશોભિત ધર્મશાળા હતી, અને તે ધર્મશાળામાં એક સુંદર વાટીકા હતી અને તે વાટીકામાં શોભાયમાન પવિત્ર શિવ મંદીર હતું ત્યાં પોતાનો મુકામ કર્યો.

બીજે દિવસે મહારાજાના યજ્ઞમાં વરેલા બ્રાહ્મણો અવકાશને વખતે પેલી ધર્મશાળામાં મહાદેવનાં દર્શન કરવા આવ્યા. દર્શન કરી પેલા અજાણ્યા પણ તેજસ્વી બ્રાહ્મણ વિશ્નુશર્માને જોયો; જોતાંજ બ્રાહ્મણોના મનમાં આનંદ થયો, અને પેલા અજાણ્યા, પણ તેજસ્વી વિશ્નુશર્માને પુછ્યું—આપ મહા પવિત્ર જણાઓ છો, આપ ક્યાંના રહીશ છો? અત્રે શા કામે આવ્યા છો?—આવું સાંભળી વિશ્નુશર્મા વિવેકથી અને હસ્તા મુખાર્વિન્દથી બોલ્યો...મહારાજ ! હું શ્રીહટ્ટનગરનો શ્રીગૌડ બ્રાહ્મણ છું, અને અયાચક ગૃહસ્થ બ્રાહ્મણ છું. મ્હારા કુટૂંબ સાથે તિર્થયાત્રા કરવા નીકળેલો છું, ફરતો ફરતો આ તમારા પવિત્ર નગરમાં આવ્યો છું ને થોડા દિવસ નિવાસ કરી મ્હારા નગર ભણી જવા ધારૂ છું.

નગરમાંથી આવેલા બ્રાહ્મણો વિશ્નુશર્મા આવો પવિત્ર, અને તેજસ્વી છતાં અયાચક છે, એ જાણી આશ્ચર્ય પામ્યા; કેમકે એ જાણતા હતા કે ઘણી જાતના બ્રાહ્મણો યાચક વૃતિના છે, અયાચક તો કોકજ છે. વિશ્નુશર્માને અયાચક જાણી તેનાં ઘણાં વખાણ કર્યાં અને કહ્યું કે—આ નગરમાં રાજા ઘણો પુન્યશાળી છે, ઘણા યજ્ઞો કરી, દેવતાને સંતોષે છે. ગૌબ્રાહ્મણનું પ્રતિપાલન કરે છે. રૈયતને સુખથી પાળે છે, એવો પવિત્ર મહાત્મા સરખો રાજા આ નગરમાં રહે છે ને તેનું નામ શુદ્ધવર્મા છે. આવુ કહી પ્રસન્ન ચિત્તે નમસ્કાર કરી નગરના બ્રાહ્મણો નગર પ્રત્યે ગયા.

શુદ્ધવર્મા રાજા યજ્ઞના આરંભમાંજ પોતાના યજ્ઞમાં બેઠેલા બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે—મારા આ, યજ્ઞમાં કોઇ બ્રાહ્મણ એવો શોધી લાવો કે જેણે કોઇ દિવસ કોઇની પાસે પ્રતિગ્રહ કર્યો ન હોય, અને જે અયાચક હોય. આવો બ્રાહ્મણ જો યજ્ઞમાં વરે તો હું ઘણોજ પ્રસંન થાઉ. રાજાનું આવું બોલવું સાંભળી પેલા યજ્ઞમાં બેઠેલા બહાર ગએલા બ્રાહ્મણોએ કહ્યું મહારાજ ! આપણા નગરની બહારના સરોવરની ધર્મશાળામાં કોઇ વિશ્નુશર્મા નામનો માળવા દેશનો શ્રીહટ્ટ નગરનો શ્રીગૌડ બ્રાહ્મણ યાત્રા કરતો કરતો આવી ઉતરેલો છે; તેની સાથે અમારે વાત કરતાં તે કહેતો હતો કે—હું અને મ્હારી આખી શ્રીગૌડ જ્ઞાતિના બ્રાહ્મણો અયાચક છીએ. બીજાના આગળ યાચના કરી તેને આશિર્વાદ આપવો તે અમે સમજતા નથી એમ કહેતો હતો. એ બ્રાહ્મણ આપણા નગરમાં આવી ચઢ્યો છે, ને જો આપણા યજ્ઞમાં આવે તો આપની મન વાંચ્છના પુરી થાય.

રાજા બ્રાહ્મણોના મુખથી આવી વાણી સાંભળી પ્રસંન્ન થયો. અને પોતાની સ્ત્રી વર્તમાન મધુપર્ક[1] લઇ પેલી ધર્મશાળામાં પેલા બ્રાહ્મણને તેડવા ગયો.

રાજાને સ્ત્રી વર્તમાન સાથે આવતો જોઈ વિશ્નુશર્મા વિચારમાં પડ્યો કે રાજા રાણી શા માટે અહીં આવતાં હશે ? રાજાને આવતો જોઇ પોતાનો સરસામાન ઠીકઠાક કરી પવિત્ર મુખે પોતે સામો જઈ ઉભો રહ્યો. એટલામાં રાજા આવી પહોચ્યો. અને સ્ત્રી વર્તમાન વિશ્નુશર્માની પુજા કરી. અને દીનવાણીથી રાજા બોલ્યો,

હે ! પવિત્ર મહાત્મા બ્રહ્મ સ્વરૂપ ! આપને હું યાચના કરૂં છું કે—આપ પવિત્ર બ્રહ્મ રૂપિ જેવા જણાઓ છો. હું મહાયજ્ઞ કરૂં છું, ને આપ મહાત્મા બ્રહ્મદેવ મારા નગરમાં આવી પહોચી મને પાવન કર્યો છે તો મ્હારા આરંભેલા યજ્ઞમાં પધારી પવિત્ર કરો.

આવું રાજાનું બોલવું સાંભળી વિશ્નુશર્મા બોલ્યો, મહા પ્રતાપી અને પુન્યશાળી મહારાજા, તમે યજ્ઞ કરવામાં, ગૌબ્રાહ્મણનું પ્રતિપાલન કરવામાં પ્રજાને પાળવામાં ઘણી પ્રખ્યાતી પામેલા છો. અને

---

૧ મધુપર્ક એટલે પુજાપાનો સામાન.

આપની સુકીર્તિ દેશેદેશ ગાજી રહેલી છે. તથાપી હું અયાચક બ્રા-હ્મણ છું. એટલે આપના યજ્ઞના વરૂણમાં મ્હારાથી આવી શકાય તેમ નથી, મ્હને ક્ષમા કરો. હું મ્હારા નિર્વાહની સામગ્રી હમેશ સાથે રાખુ છું. અને મ્હારા આખા તિર્થાટનમાં કોઇની કોઇપણ પ્રકારની યાચના કરી નથી. માટે હે પવિત્ર રાજા મ્હને ક્ષમા કરો આવાં બ્રાહ્મણનાં વચન સાંભળી રાજા ખિન્ન થયો. પણ લગાર શાં-તતા લાવી ફરી દીન વચનથી કહેવા લાગ્યો. હે મહાત્મન ! આપ સરખા પવિત્ર અને અયાચક બ્રહ્મ મહાત્માએ આવા યજ્ઞ પ્રસંગે મ્હારા સરખાની દીનવાણીપર નજર રાખી યજ્ઞ જોવાને નીમિત્તે પણ પધારવું જોઇએ. ત્યાં આવી આપ જોશો તો આપ સરખા પવિત્ર મહાત્મનો ત્યાં ઘણા બિરાજેલા છે, કૃપા કરી આપ પધારો; અને મ્હને અને મ્હારા યજ્ઞને આપ પાવન કરો.

આવાં રાજાનાં વચન સાંભળી વિશ્નુશર્માનું મન ગગળીત થયું. અને મનમાં ધાર્યું કે આપણા સરખા બ્રાહ્મણને આવો મ્હોટો અને પવિત્ર રાજા ફક્ત પોતાનો યજ્ઞ જોવા તેડવા આવ્યો છે, અને દી-નવાણીથી વિનંતી કરે છે, અને આપણુ ના જઇએ તો વિનયથી ઉલટું છે, માટે જવું તે સારૂં છે. આવો મન સાથે વિચાર કરી રાજાને કહ્યું હે રાજા ! તમારી એવી ઇચ્છા છે, તો ચાલો હું આવું છું. રાજા આવાં વચન સાંભળી ઘણો આનંદિત થયો ને વિશ્નુશર્માને એક પાલખીમાં બેસારી, નગરમાં લાવ્યા. અને યજ્ઞશા-ળાની સામેના મ્હોટા આસનપર બેસાડયા. અને દંપતીએ પુજા અર્ચા કરી. આથી વિશ્નુશર્મા ઘણો પ્રસન્ન થયો. પછી રાજાએ વિશ્નુશર્માને હાથ જોડી વિનંતી કરી કે—હે પવિત્ર વિશ્નુશર્મા ! આપ યાત્રાર્થે નીકળેલા છો. તમારે રસ્તામાં ખર્ચી જોઈએ: તે માટે હુ તમને થોડુ ધન આપું તે ગ્રહણ કરો. આપના જેવા પવિત્ર બ્રાહ્મણને જોઇ હું પ્રસન્ન થયો છું. અને આપ સરખા પવિત્ર બ્રા-હ્મણને પ્રતિગ્રહનો દોષ લાગતો નથી. આપ તો અગ્ની દેવતારૂપ છો. અગ્નિ કદી દોષવાન થતો નથી. આ સાંભળી વિશ્નુશર્મા બોલ્યા. હે ! મહાપુન્યશાળી રાજા, અમારા કુળમાં પેદા થએલા બ્રાહ્મણોને લક્ષ્મીજીએ વારેલા છે, અને તેમની આજ્ઞા છે કે તમારે કોઇનો પ્રતિગ્રહ કરવો નહીં. માટે હું તમારા દ્રવ્યનો પ્રતિગ્રહ કરીશ નહીં. આ સાંભળી

રાજા મનમાં ખિન્ન થયો. પણ થોડી વાર તટસ્થ ઉભા રહી મનમાં વિચાર કર્યો કે—આ પવિત્ર અને અયાચક બ્રાહ્મણ મ્હારી દક્ષિણા ગ્રહણ નહી કરે. પણ મ્હારે દ્વાર આવેલો બ્રાહ્મણ દક્ષિણા લીધા સિવાય જાય તે ઠીક નહી એમ ધારી એક તર્ક ઉઠાવ્યો. કે ફુલનો એક મ્હોટો હાર કરી તેમાં સુવર્ણમય રત્ન જડીત માળા છુપી રીતે ઘાલી વિશ્નુશર્માના કંઠમાં આરોપવી. આવો સંકલ્પ કરી રાજા વિશ્નુશર્મા પ્રત્યે, બોલ્યો—હે પવિત્ર તેજસ્વી વિશ્નુશર્મા ! આપ મ્હારૂં દ્રવ્ય ના લ્યો; પણ આપની વિદાયગીરી વખતે રાણી સાથે આપની પુજા કરી કૃતાર્થ થવાની મ્હને આજ્ઞા આપો. આવાં રાજાનાં નમ્ર વચન સાંભળી થોડીવાર થોભી રાજાની ઇચ્છા પુરી કરવા હા કહી આથી રાજા પ્રસન્ન થઇ માળીને એક ગુચ્છાદાર સુગંધીવાળા પુષ્પો-નો હાર ગુંથી તેમાં રત્ન જડીત સુવર્ણમાળા ગુંથી લાવવા ગુપ્ત આજ્ઞા કરી. અને પોતાના જામદારખાનાંમાંથી તેવી માળા કાઢી આપી. થોડીવારમાં માળી આપેલી માળા ફુલહારમાં ગુપ્ત રીતે ગુંથી હાર લાવ્યો. પછી રાજાએ પોતાની રાણી સહવર્તમાન વિશ્નુશર્માની પુજા કરી પગેલાગી પેલો પુષ્પહાર કંઠમાં પેરાવી દીધો. અને માન પૂર્વક તેને રાજા ઉતારા સુધી વળાવી પાછો યજ્ઞમાં આવી બેઠો.

વિશ્નુશર્મા પોતાને આશ્રમે જઇ બેઠા પછી તેને એમ લાગ્યું કે મારા કંઠમાં મહા સુગંધીદાર પુષ્પહાર છે, છતાં ફૂલના હારમાં આટલો બધો ભાર કેમ હશે ? તેથી તેણે ફૂલહાર કંઠમાંથી કાઢી તપાસવા માંડયો. તો તેમાં રત્નમય સુવર્ણમાળા ગુંથેલી જોઇ તરતજ તેણે તે હાર હેઠે નાંખી દીધો; અને આજુબાજુ નજર ફેરવવા માંડી તો પોતાની પાસે જે યાત્રા અર્થે આણેલું ધન તેમાં વાવ-રતાં બાકી રહેલું તે જતાં રહેતું પ્રત્યક્ષ જોયું. આથી તેના મનમાં ભારે ચિંતા થઇ ને વિચાર કરવા લાગ્યો કે મ્હે તીર્થ ક્ષેત્રમાં કોઇ જાતનું પ્રાયશ્ચિત કર્યું નથી. છતાં અરે ! મારૂ ધન કેમ નાશ પામે છે એમ કલ્પાંત અને વિચાર કરતાં તેને એમ માલમ પડયું કે રાજાનો યજ્ઞ જોવા ગયો, અને ત્યાંથી રાજાએ ગુપ્ત રીતે પણ દક્ષિણા તરીકે આ મણીમય માળા પેરાવી; અને તેથી મહાલક્ષ્મી માતાજીની આજ્ઞાનો ભંગ થયો. અને તેથી કોપાયમાન થઇ મારી પાસેનું દ્રવ્ય લઇ લીધું. અરેરે ! ! હવે કેમ કરવું ? મારે રાજાના

યજ્ઞમાં જવાની ઇચ્છા નહોતી, છતાં રાજા અને તેના બ્રાહ્મણો મ્હને ભુલાવામાં નાંખીને લઇ ગયા. ને આ પ્રમાણે થયું. હવે હું મ્હારા જ્ઞાતીલાઓને શું મોંઢું દેખાડીશ ? ઓ મહાલક્ષ્મીમાતા મ્હને ક્ષમા કરો મ્હેં તમારો અપરાધ જાણી જોઇને કર્યો નથી. આવી રીતે માતાજીની સ્તુતિ કરતો પોતાના શ્રીહટ્ટનગરમાં ગયો. શ્રીમહાલક્ષ્મી માતાજી પોતાની આજ્ઞા ભંગ થવાથી શ્રીહટ્ટનગરના શ્રીગૌડ બ્રાહ્મણો ઉપર કોપાયમાન થયાં. અને તે નગરમાંથી નીકળી જવા વિચાર કર્યો.

દાન લેવા વિશે—એક સ્ત્રીએ પોતાના પતિને હાથી ઉપર બેશીને આવતો જોઇ કહ્યું છે કે—

કંથા તું કુંજર ચઢ્યો; હેમ કટારી હથ્થ.
માગ્યાં મુક્તાફળ મળે, પણ ભીખને માથે ભટ્ટ.

વિશ્નુશર્મા શ્રીહટ્ટનગરમાં આવ્યો કે શ્રીમાતાજી બીજે દિવસે રીસાઇને ચાલ્યાં તે સઘળા બ્રાહ્મણોએ દીઠાં. તે વખત બધા બ્રાહ્મણો શ્રીમાતાજીને જતાં ખાળવા ભેગા થઇ ગયા અને માતાજીને કાલાવાલા કરી થોડીવાર અટકાવ્યાં. તે વખત બ્રાહ્મણોની દીનવાણી સાંભળી માતાજી બોલ્યાં કે હે સેવકો ! મ્હેં તમને પ્રથમથીજ અયાચક બનાવ્યા હતા અને સૌને સારી રીતે આજીવીકા ચાલે તેટલુ ધન આપેલું. અને મ્હારી પ્રથમની આજ્ઞા હતી કે–તમારે અયાચક રહી લોકનું કલ્યાણ કરવા સત્ય માર્ગ બતાવવો. છતાં વિશ્નુશર્માએ રાજાની સુવર્ણ માળાનો પ્રતિગ્રહ કર્યો. માટે હું આ નગરમાં હવે નહી રહું. એમ કહી શ્રીમહાલક્ષ્મીજી શ્રીહટ્ટનગરમાંથી ચાલ્યાં ગયાં. અને જતી વખત પોતાના ઘણા વખતના શિષ્યોને બોધ કર્યો.

શ્રીમહાલક્ષ્મી માતાજી બોલ્યાં—હે શ્રીગૌડ બ્રાહ્મણો હું તમારા કુળાચારના ધર્મો વિશે કેટલોક બોધ કરૂં છું તે સાંભળો.

૧–શ્રુતિ, સ્મૃતિ તથા પુરાણને જાણનારો, સંતોષી, અને નિરંતર પવિત્ર, તપ અને પોતાના કામમાં ઉત્સાહી; એવો જે બ્રાહ્મણ તેનેજ દેવતાઓ બ્રાહ્મણ કહે છે.

૨–બીજા આબાદી જોઇ ખુશી થનાર, ગંભીર, કુસંગરહિત,

સર્વ પ્રાણીઓનું હીત ચ્હાનાર, નિરંતર શાંત, તેનેજ દેવતાઓ બ્રાહ્મણ કહે છે.

૩–પંચ જ્ઞાનેન્દ્રીઓ, અને પાંચ કર્મેન્દ્રીઓ જેની જીતાએલી છે. વળી ધર્મ પાળનારો, સત્યવાદી, પવિત્ર, અને કામક્રોધ જેને વશ છે તેને દેવતાઓ કુળવાન કહે છે.

૪–આચાર પાળવો એ પ્રથમ ધર્મ છે, એમ વેદ કહે છે. માટે આચાર પાળનાર શ્રીગૌડ બ્રાહ્મણો કુળવાન કહેવાય છે.

૫–પાતકી, ક્રોધવાળો, નાસ્તિક, બીજાનું ધન પ્રપંચ કરી લઇ લેનાર, પોતાના આચારથી ભ્રષ્ટ અને પોતાના કુળની ખાલી બેડશી મારનાર, પતરાજખોર, બીજાની નિંદા કરનાર, બીજાને હલકો પાડવાનો પ્રયત્ન કરનાર એવા જે શ્રીગૌડ બ્રાહ્મણો હોય, તે જરૂર કુળહીન છે એમ જાણવું.

૬–હિંસા ન કરવી, અને સાચું બોલવું, એજ કલ્યાણનું સાધન છે.

૭–અનાચાર એ મ્હોટો અધર્મ છે, એ મહાઋષિઓનું કહેવું છે. એવા અનાચારી બ્રાહ્મણો કુળહીન છે.

૮–વિદ્યા ભણવી, ભણાવવી, તિર્થયાત્રા કરવા જવું, ક્ષમા રાખવી, સત્ય બોલવું, સત્સંગ સમાગમ કરવો, આચાર પાળવા, અને અતિથીને આશરો આપવો એ કુળવાન બ્રાહ્મણનું લક્ષણ છે.

૯ કોઈ પણ માણસની ઇર્ષા કરવી નહીં, ક્ષમા, શાંતિ, અને સંતોષ રાખવો, મધુર વાણી બોલવી, કામ ક્રોધને વશ રાખવાં, આવેલા પરોણાની વિવેકથી બરદાસ કરવી, એ કુળવાન બ્રાહ્મણનાં લક્ષણ છે.

૧૦–ઉપર કહેલાં લક્ષણ જેનામાં ન હોય અને કુળાચારથી ભ્રષ્ટ હોય, તે બ્રાહ્મણો શુદ્ર જેવા જાણવા. (તેને બ્રાહ્મણજ કહેવા નહીં)

ઉપર પ્રમાણેના માતાજીનો બોધ સાંભળી, શ્રીગૌડ બ્રાહ્મણો પોતાની બુદ્ધિ પ્રમાણે શ્રીમાતાજીની સ્તુતિ કરવા મંડયા.

હે મહાલક્ષ્મી દેવી ! ત્રણે લોકમાં માયારૂપ, કાત્યાયની દેવી

શુંભ દૈત્યનો વધ કરનારી દેવી, કાળ રાત્રી રૂપી દેવી, દુર્ગમ માર્ગમાં નિવાસ કરનારી દેવી, વિંધાચળ પર્વત નિવાશી દેવી, જયા, વિજયાદેવી, વીગેરે અનેક દેવી ગુણ ધારણ કરનારી દેવી. અમો સર્વ તારા ઉપાસકો તને શીરસાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. તે તું કૃપા કરી સ્વીકારજે. આવી સ્તુતિ સાંભળી મહાલક્ષ્મીમાતા હર્ષ પામી ત્યાંથી વિદાય થયાં–શ્રી મહાલક્ષ્મી માતકી જય.

૧–મહાલક્ષ્મીમાતા શ્રીહટ્ટનગરમાંથી[1] વિદાય થયાં પછી સર્વ શ્રીગૌડ બ્રાહ્મણો પોતપોતાનાં કુટુંબ લઇ અન્ય દેશોમાં ચાલ્યા, તેમાંનાં કેટલાંક કુટુંબ ઊત્તર માળવામાં જઇને રહ્યાં તે માળવી શ્રીગૌડ કહેવાયા.

૨–બીજું કુટુંબ મેડતાખ્ય નામના નગરમાં જઇને રહ્યું. તે નગર ઉપરથી મેડતવાળની[2] સંજ્ઞા પડી.

૩–ત્રીજુ કુટુંબ હરિયાણા નગરમાં જઇને રહ્યું તેથી હરિયાણિઆ એવી સંજ્ઞા પડી.

૪–ચોથુ કુટુંબ પરવાળ નામના ગામમાં જઇને રહ્યું, અને ત્યાં જઇ તેમણે પરવાળાના વેપારમાં ઘણું દ્રવ્ય મેળવી પ્રખ્યાત થયા, તે ઉપરથી તેમની શાખાનું નામ પરવાળીઆ સંજ્ઞા પડી.

૫–શ્રી હટ્ટનગરમાંથી અન્ય દેશમાં ન જતાં બાકી જે ત્યાંજ રહ્યા અને મહાલક્ષ્મીના ગયા પછી તે વિદ્યાહિન થઇ ગયા, તે ગુજર ગૌડ એ સંજ્ઞાથી ઓળખાવા લાગ્યા.

ઉપર પ્રમાણેના પાંચ પ્રકારના શ્રીગૌડની સંજ્ઞાઓ છે

શ્રીગૌડ બ્રાહ્મણો વેદને જાણનારા, યજ્ઞ, યાગાદિકમાં ઘણા કુશળ છે, ઘણા પવિત્ર છે, એમ ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહના જાણવામાં આવ્યું. તેથી આવા પવિત્ર વિદ્વાન બ્રાહ્મણોને બોલાવી પોતાના દેશમાં વસાવવાનું તેને મન થયું. તેથી તેણે સંવત ૧૧૮૦ ના માગસર સુદ ૫ ને ગુરૂવારે માન પૂર્વક બોલાવી

---

૧ શ્રીહટ્ટનગર વિંધ્યાગીરીની પાસે હશે. ૨ મેડતાખ્ય નગર તે રજપૂતાનાનું સમેડતા હશે. જ્યાં મીરાંબાઈના પીતાનો નીવાસ હતો તે હશે.

પોતાના દેશમાં વસાવ્યા અને ઘણાં ગામ, દ્રવ્ય વિગેરે આપી સંતોષ્યા. બાત્રીશ ગોત્રથી ઉત્પન્ન થએલા શ્રીગૌડ બ્રાહ્મણનાં નવા અને જુના એવા બે પક્ષ છે. જુના અને નવા બંને કુળવાન કહેવાય છે.

સિદ્ધરાજ જયસિંહે ગુજરાતમાં બોલાવી જેને ગામ દાનમાં આપ્યાં તે તે ગામ પરથી તેમની સંજ્ઞાઓ પડેલી છે. જેમ ભાદરણીઆ, વડેલીઆ, છાળેચા વીગેરે બીજી કેટલીક સંજ્ઞાઓ છે.

રાજાના બોલાવ્યાથી પ્રથમ જે આવેલા તે જુના કહેવાય છે, અને પછી જે આવેલા તે નવીન પક્ષ કહેવાય છે. પ્રથમ આવનાર શ્રીગોડને ઘણું માન મળ્યું હતું. કેટલાક યજ્ઞ કરવામાં કુશળ હોવાથી તે દીક્ષિત કહેવાયા. વેદાભ્યાસ કરવાથી પાઠક કહેવાયા. જ્યોતિષ જાણવાથી તે જોશી કહેવાયા. શાસ્ત્રોના અભ્યાસથી ભટ કહેવાયા. કર્મકાન્ડના અભ્યાસથી ઉપાધ્યાય કહેવાયા. વ્યહવારીક શાસ્ત્ર અને વ્યહવારીક જ્ઞાનમાં નિપુણતા મેળવનાર, તથા સર્વ શાસ્ત્રોનું પાન્ડીતપણું મેળવવામાં કુશળ તે પંડિત કે પંડ્યા કહેવાયા પુરાણના અભ્યાસ કરનાર તે વ્યાસ કહેવાયા.

સંવત ૧૯૬૫ ના પોષ માસ.

સાડત્રીસના જુના શ્રી ગૌડ સમસ્તે નડીઆદ સંતરામ મુકામે ઠરાવ કર્યો તે નીચે પ્રમાણે.

૧—દરેક ગામમાં સરપંચ નિમવા.

દરેક ગામના જે મરદો છે, તે બધાય સરપંચ સમજી નાતના બાંધેલા ધારા ઉપર ધ્યાન રાખી જેણે ગુન્હો કર્યો હોય, તેને પોતાના ગામનો વ્યહવાર બંધ કરી નાતને ખબર આપવી, એટલે નાતની નજરમાં આવશે તેને શિક્ષા કરશે. ને તે પ્રમાણે નહી વરતે તો ગામ ગુનેગાર છે એમ સમજાશે ને સામે પક્ષ કરી, તે ઉપર નાત કરે તે સાંભળવું પડશે.

૨—કન્યાવિક્રય કરવો નહીં.

જે માણસ કષ્ણાર્પણ કરે, તેને પલ્લુ કરવાનું તે પલ્લુ રૂ. ૫૦૧) અંકે પાંચસોએકનું તથા લુગડાં રૂ. ૫૧) નાં કરવાં. તથા ત્રણ અવેજ એટલે કેડે બેસાડવાનું; બીજુ દૂધભાતનું; ત્રીજુ ખોળે બેસારવાનું એ ત્રણે મળી રૂ. ૫૧) સુધીનું કરે. અને તેને વરાંકી કરવાની સત્તા ન હોય, તો પોતાનું ગામ તથા સગાં કરે. અને જાનનું ૨૫ માણસ લાવે. એવી રીતે કરશે નો એને કંઇ પણ નાત તરફથી ખોટું દેખાશે નહીં. ને વિશેષ મળે તો વધારે વાવરે તેને કંઇ બાધ નથી. પણ કન્યાવિક્રય કરવો નહીં. ને કરશે એવું માલમ પડશે તો કન્યાના બાપનો તથા વરના બાપનો વેવાર બંધ કરી નાત જે શિક્ષા કરે તે ભોગવે. એ વિશે સગાંએ પક્ષ કરવી નહીં. ને કરશે તો નાત તેને પણ શિક્ષા કરશે. એ તકરાર કોઇ સાંભળશે નહીં.

દીકરીને સાટે બાપે કદી પરણવું નહીં, કેમકે તે ઘણું પાપ છે. તેખડુ, ચોખડુ કરે, તેની કંઇ અડચણ નથી. તેમની પ્રક્ષાની વિગત ૩૦૧) પલ્લુ તથા લૂગડાં રૂ. ૫૧) નાં ને ત્રણ અવેજમાં રૂ. ૨૫) સુધીની આપલે.

મ્હોટી કન્યા કરી ઉપરામણી માગી જે પૈસા લે, તેને પણ નાતના ઠરાવ પ્રમાણે બમણી શીક્ષા કરવામાં આવશે.

કન્યાવિક્રયનો પ્રતિબંધ કર્યો છે, તેના ઉપર જ્ઞાતિ બંધુઓએ સારી રીતે લક્ષ આપવું. ને કન્યાવિક્રય કરે તેનો સગાંએ પણ પક્ષ કરવો નહીં, ને કરશે તો શિક્ષાને પાત્ર થશે.

૩—દુર્વ્યસન કરવું નહીં.

જે જ્ઞાતિ બંધુ મદીરા, ગાંજો, બીડી વીગેરે નબળુ વ્યસન કરશે, તેને માસ બાર સુધી એક હાથ છેટે બેસાડવામાં આવશે.

૪—શ્રીમંત, તથા જનોઇ, તથા પચીસ વરસનો માણસ તથા બાઇ મરણ પામે, તો આવા સમય ઉપર ન્યાત લખવી નહીં.

૧—શ્રીમંત ઉપર નાત લખવી નહીં. સગાં લખવાં, છતાં કોઇ અભીમાની, છત દેખાડનાર નાત લખશે તો તેને નાત શિક્ષા કરશે.

૨–જનોઇમાં નાત લખવી નહીં; તેમ છતાં ગૃહસ્થ હોય, અને એકજ છોકરો હોય, ને તેને વાવરવાની ઇચ્છા હોય, તેવાને લખવાની છૂટ છે.

૩–પચીસ વર્ષનો મરદ અગર બાઇ માણસ ગુજરી જાય, તેની પછવાડે નાત લખવી નહીં, તેનું બારમુ તેના ગાંમમાંજ કરે. એથી વિશેષ કરશે તો તે નાતનો ગુનેગાર છે. આવાંની નાત લખવા ધણી કહે તો ગામવાળાએ લખવા દેવી નહીં. ને તેની ચીઠીઓ લખવા જવું પણ નહીં.

૫—વૃદ્ધ ઉમરે ગુજરે તેની ક્રિયા આપણા વડીલોના રીવાજ પ્રમાણે જેની જે પ્રમાણે સત્તા પહોંચે, તે પ્રમાણે એકાદશા લખે તો બાધ નહીં. ને પોતાની સત્તા ના હોય તો દ્વાદશાથી એટલે બે દિવસ લખે તો બાધ નથી.

દ્વાદશા લખે તેણે બીજે દિવસે એટલે ત્રયોદશાને દિવસે વાળાને કરે. ને એકાદશા લખે તેણે બે દિવસ ઉપર મેલવું, ને ત્રીજે દિવસે વાળીને કરવું. એમાં વિરોધ કરશે તો નાત પૂછશે.

૬—બ્રાહ્મણના છોકરાને ખટકર્મ કરવા વિષે.

જે છોકરાને જનોઇ દે, એટલે તેના બાપે તેને સંધ્યા તથા ગાયત્રી જપ વીગેરે ખટકર્મ બતાવવું એટલે તે કર્મ ભણાવવાં; અને એ પ્રમાણે જો નહી કરે તો તેમનાં માબાપ ઇશ્વરનાં ગુનેગાર થશે. તેમજ છોકરાની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. અને તેથી લક્ષ્મી તથા પ્રતિષ્ટા ઘટે છે. ને યજમાન પણ એમ જાણે છે કે ગોર પણ આપણા જેવાજ છે. ડાબી ખાંધે જનોઇ નાંખી તેમાં શું થયું? આપણે પણ નાંખીએ તો નંખાય, માટે ધર્મશાસ્ત્ર પ્રમાણે નિત્ય નિયમ કરવો એ સારૂ છે. તથા જમતી વખત ન્નાહવું, એ રીવાજ રાખવો ને જે ના નહાય એવું જાણવામાં આવે તો તેને નાતમાં હાથથી છેટે બેસારવો.

૭—પરપ્રાંતની કન્યા લાવવી નહીં.

પરપ્રાંતની કન્યા લાવવી હોય તો, સામી તેડાવી પરણવું નહીં. તેને ગામ જાન લઇને જવું. તે એવી રીતે કે ત્રણે પ્રાંતમાંથી પાંચ પાંચ માણસ લઇને જવું. એટલે ઝાઝી હરકત જેવું નહીં.

૮—સ્ત્રીઓએ ફટાણાં ગીત ગાવાં નહીં.

લગ્ન તથા જનોઇ, તથા શ્રીમંત વીગેરે શુભ પ્રસંગમાં ખોટું ગીત ગાશે, તેમનો રૂ. ૧) દંડ તથા તે દિવસે એક હાથને છેટે બેસારીને જમાડવામાં આવશે.

૯—નાતમાં કુચાલ પસરી ગયો છે, તે બાબત.

૧–જે બાઇ પોતાના સ્થાનમાં રહી, ખૂણાખોચરા શોધી બદકામ કરે ને બાળહત્યા કરે એવી રીતે જાણવામાં આવે તેના ગામવાળાએ તેનો વેવાર બંધ કરવો. ને નાતને જાહેર કરવું. તેને શિક્ષા નાત કરશે, તે એવી રીતે કે ત્રણ માસ સુધી તેનો વેવાર નાત બંધ કરશે. અને રૂ. ૨૫) પચીસ દંડ કરશે. અને ફરીથી એવા ગુનામાં ના આવે તેવો બંદોબસ્ત કરશે તેમ કરતાં જો ફરીપણ એવો ગુનો જાણવામાં આવી સાબીત થશે તો નાત તેને પોતાની નજરમાં આવશે તેવી શિક્ષા કરશે.

૨–જે સ્ત્રી પોતાના ઘરમાં ખુલ્લી રીતે રાખીને રહે ને જાર પુરૂષને પોતાના સસરાના પૈસા ખવરાવે; ને નાતની તથા સગાંની, તથા પીતરાઇ વીગેરેની શરમ ન રાખતાં નબળા ધંધા કરે તેવી સ્ત્રીનો તેમના ગામવાળાએ વેવાર બંધ કરી નાતની ધ્યાનમાં આવે તે પ્રમાણે તેનો દંડ કરવો.

૩–જે સ્ત્રી રાત દિવસ પારકા ઘરમાં રહે. ને તેને ત્યાં રાંધે, ખાય, ને સુઇ રહે તેનો પણ ગામના ભાઇઓએ વેહેવાર બંધ કરી નાતને જાહેર કરવું. એટલે નાત વાળા પણ વેહેવાર બંધ કરશે. આવી રીતનીજ નાત વાળા શખતાઇ કરશે તોજ વ્યભીચાર બંધ થશે. અને નાતમાંથી બાળહત્યાનાં પાપ મટશે. ને તેથી નાતની વસ્તી વધશે ને સારૂ થશે.

વ્યભીચાર રૂપી અનાચારને નાતમાંથી દૂર કરવો હોય તો સઘળા નાત ભાઇઓ આ વાત લક્ષમાં રાખી, તેવી દુષ્ટ સ્ત્રીનો શોધ કરી એકદમ નાતે વેહેવાર બંધ કરવો. ને તેમને પાકી શિક્ષા

કરવી કે બીજી સ્ત્રીઓ તથા મરદો પણ શીખામણ લે માટે એ વિશે આધારો વાંચતાંજ એવાંને તાબડતોબ બંધ કરી દેવાં એટલે તમારા બાંધેલા બધા બંધ પળશે. નહી તો શરમ રાખશે તો રદ જશે જેવિશે સગાંને જો આ વિશે શરમ આવતી હોય તો તેમણે તેવાં દુષ્ટોને જલદી સમજાવી સારે રસ્તે વાંળવાં. નહી તો તમારા કરેલા ધારા રદ થશે.

૧૦-લગ્ન સંબંધી.

નાતમાં કન્યા નવથી તે અગીઆર વરસની થાય ત્યારે પરણાવવી એથી નાની પરણાવવી નહીં. ને લખ્યુ કરી ચાંલ્લો કરે તે વીવા ફોક કરવો નહીં. ને ફોક કરશે તો નાતવાળા પૈસા લીધા જાણી શિક્ષા કરશે.

૧૧ – અગીઆરમાને દિવસે નાત લખવી નહીં.

એ દિવસ લખે તેને કંઇ બાધ કરતા નથી, ત્રણ દિવસ લખે તેણે એક દિવસ કાપી એટલે બારમાના દિવસથી નાત લખવી. કારણ કે એકાદશા ખાધાનું પ્રાયશ્ચિત છે માટે લખવું નહીં.

૧૨—કેટલે ઠેકાણે દશમુ બોડાવવા જાય છે તેમને રાખી જમાડવાની રીત છે. પણ તે શાસ્ત્ર પ્રમાણે નિષેધ છે. તેથી દશમા ને દિવસે વ્યવહારવાળા બોડાવા આવે તેમને રાખવાનો ચાલ કાઢી નાંખવામાં આવ્યો છે.

૧૩—ચેરો ના રાખવા વિશે.

ચેરો તથા બાબરી પોલીસમાં નોકર હોય તે, અગર અંગ્રેજી ભણનાર છોકરાઓ કે જ્યાં તેમના માસ્તરો તેમને ફરજ પાડે છે તેવા સિવાયના બીજાઓએ શોખને માટે ચેરો રાખવો નહીં. અંગ્રેજી ભણતા વિદ્યાર્થીઓ અને પોલીસની નોકરી કરતા હોય તે સિવાયના બીજા શોખને માટે ચેરા રાખી નાતમાં આવશે તો તેને એક હાથ છેટા બેસારી જમાડવામાં આવશે. તેવાઓને આટલી શિક્ષા બસ છે.

૧૪–વૃદ્ધ માણસના મરણ પ્રસંગે કાંણે જવા વિશે.

વૃદ્ધ માણસ ગુજરે તો તેની ક્રિયા ઉપર કાંણે જવું. અગર તે ઉપર ના જવાય તો, તેમને મરી ગયાને ત્રણ માસ થાય ત્યાં

સુધીમાં જવું. પછીથી જાણીબુજીને જવું નહીં. ને ત્યારપછીથી તેમના ગામમાં જવાનું કોઇના મરણ પ્રસંગે થાય તો તેમના ભેગી કાણુ કરે તો બાધ નહીં.

૧૫—નાતીભાઇની કોઇની કંઇ તકરાર હોય તે નાતમાં જાહેર કરવા વિશે.

જેમની તકરાર હોય તેમણે નાતમાં ફરીઆદ કરવી તેનો ખુલાસો નાતવાળા કરશે. સરકારમાં ફરીઆદ કરવી નહીં. ને કરશે તો તેમને નાત શિક્ષા કરશે.

પલ્લા સંબંધીની તકરાર હોય તો, તેનો ખુલાસો નાત કરશે એ વિશે ખુલાસો કલમ ૧૬માં બતાવ્યો છે. એથી વિરૂદ્ધ ચાલશે તો તેમને નાત શિક્ષા કરશે. વૃત્તિ તથા વારસા સંબંધીની તકરાર હોય તો નાતમાં ફરીઆદ તેમના કારજ ઉપર કરે. ને પીતરાઈ તથા ભાણેજ વીગેરે જેમનો હક સાબીત લાગે તેનો ખુલાસો નાત આપશે. જ્યારે વ્યાજબી રીતે નાત ખુલાસો ના આપે તો કોર્ટમાં જવાનો કંઇ બાધ નથી.

૧-પ્રથમ પીતરાઇનો હક તો સાબીત છે. શાથી કે વડીલો પારજીત મીલ્કત છે, તેથી પીતરાઇ હક.

૨-ભાણેજનો હક શાથી કે તેને જે વખતે જનોઇ દેછે તે વખત બડવો રૂઠો વાળે છે. તે વખત બ્રહ્મચર્ય દિક્ષા આપી દંડ વીગેરે હાથમાં આપી, રીસાઇ જાય છે એટલે નસાડે છે તે વખત મામો એને મનાવી કહે છેકે ભણ્યા પછી સંસારી કરીશ એવું કહી વસ્ત્ર પેરાવે છે ને ત્યાંથી કેહેડે તેડીને લાવે છે. તેથી ધર્મશાસ્ત્ર પ્રમાણે એના પણ હક સાબીત છે. તેથી એને પણ મોસાળનું મળવાનું બાધ નહી. તેથી એ મીલ્કત ભાણેજને લખી આપે તો પળે.

૧૬—વિધવા સ્ત્રીઓના પલ્લા વિશે.

૧. વિધવા સ્ત્રીનું પલ્લુ તેની સાસરીમાં રહે, ને ત્રીજે ઠેકાણે એ બાઇના નામથી મેલે. ને તેના ટ્રસ્ટીમાં એનાં સાસરીયાં એટલે સાસરીના સગા, અને એનો બાપ અગર

ભાઈ વીગેરે રહે તે વ્યાજ લાવી એ બાઇ જ્યાં રહે ત્યાં આપે. એને જાત્રા જવું હોય તો બંને થઇને એ રૂપીઆ અપાવે.

૨. એ વિધવા સ્ત્રી સાસરીમાં રહે તો એને રહેવાને ઓરડી તથા એનું ગુજરાન ચાલે એવી રીતે સાધન આપે અને પોતાની દેખરેખ નીચે રાખવી અને એ લેણું ત્યાં લે.

૩. વિધવા સ્ત્રી પોતાના પીયરમાં રહે તો, એને વ્યાજ જોઇતું હોય તો મળે, નીકર જમે થાય; એ બંને જણ કાળજી રાખીને કરે.

ઉપર લખેલી વિધવા સ્ત્રીને માટે ધારાની કલમ ૧૬ માં ત્રણ ટાંચણ છે તે ઉપર લક્ષ આપી બરોબર રીવાજ પ્રમાણે ચાલશો તો વ્યભિચાર કમી થશે. ને તે સ્ત્રીને આશ્રમ પાકો મળશે. તેથી નાતને આશીરવાદ દેશે. અને વ્યભિચાર ઓછો થશે તેને લીધે બાળહત્યાઓ પણ કમી થશે. એને લીધે માતાજી ખુશી રહેશે ને નાતમાં વસ્તી વધશે.

૧૭.—વિધવા સ્ત્રીના લાંણા વિશે.

વિધવા સ્ત્રી જો પીએરમાં રહે તો તેનું લાણું પીએરમાં લે; ને સાસરીમાં રહેતો સાસરીમાં લેવું. તે વિશે આગળ બતાવી ગયા છીએ.

૧૮.—અતિ શુદ્રનું ખાવું નહીં એટલે તેનું દાન લેવું નહીં, તથા તેને ઘેર રાંધી જમવું નહીં. અતિશુદ્ર એટલે, દરજી, ભાવસાર, ભીસ્તી, ગોલા, ગાંચા, ધોબી, ગળીઆરા વીગેરેને ઘેર રાંધી જમવું નહીં તથા તેમનું દાન લેવું નહીં. અને એવાઓનું દાન લેશે અથવા તેને ઘેર રાંધી જમવા જશે તો તેને નાતની ધ્યાનમાં આવશે તે પ્રમાણે શિક્ષા કરશે.

સુચના—અતિશુદ્રનું અન્ન ખાવાથી બુદ્ધિભ્રસ્ટ થાય છે, અને નિર્ધન અવસ્થામાં અવાય છે. અને એવાઓના આવેલા તે પૈસા ખોટે માર્ગે ચાલ્યા જાય છે. વળી લોકમાં ઇજ્જત જઇ હલકુ પડાય છે. માટે સ્વજ્ઞાતિ બંધુઓએ એવા શુદ્રનું દાન કદી પણ લેવું નહીં.

૧૯.—લગ્નમાં શુકલ દક્ષણા વિશે.

૧. કૃષ્ણાર્પણ કરે તેણે શ્રીગોડશુકલને રૂ. ૧) આપવો. અને બીજી નાતના શુકલને રૂ. ॥ આપવો. બીજી નાતનો શુકલ કશુને વર કન્યાનો ગોર હોય તો તેને શ્રીગોડશુકલ પ્રમાણે દક્ષણા આપવી ને તે વરના બાપને વરાંઠી કરવાની.

૨. તેખડું ચોખડું કરે તેમને વરાંઠી કરવાની નહીં. ને શ્રી ગોડશુકલ હોય તો તેને રૂ. ॥ દક્ષિણા આપે ને બીજા શુકલને રૂ. । આપે. વરકન્યાના ગોરને ઉપર પ્રમાણે આપવું.

૨૦.—શોક ઉપર કન્યા આપવા વિશે.

૧. બનતા સુધી શોક ઉપર કન્યા આપવી નહીં. શોકનું દુઃખ દુનિઆમાં મોટામાં મોટું છે. કહેવત છે કે શોક મુએલી નડે તો જીવતી નડયા વગર રહે નહીં.

૨. એક સ્ત્રી છતાં તેના ઉપર ફરી લગ્ન કરનારે પોતાના ઘરમાં પોતાની સ્ત્રી ૩૦ વરસની થાય, અને તેને કંઇ પરજન ન થાય, તોજ તેણે નાતીની રજા લઇને ફરી લગ્ન કરવા વિચાર કરવો.

૩. ત્રીશ વરસથી ઓછી ઉમરની સ્ત્રી હોય એવાને ફરી કન્યા આપનાર તથા લેનાર નાતનો ગુનેગાર છે.

૨૧.—જ્ઞાતીનો ગુનો કરનારની એક ટીપ જ્ઞાતી તરફથી એક જુદીજ ચોપડામાં રહેશે. તેમાં નામવાર ગુનાની વીગત દાખલ કરવામાં આવશે. અને તેવાઓને નાતની નજરમાં આવશે ત્યારે શિક્ષા કરવામાં આવશે.

૨૨.—જ્ઞાતી સંબંધીની ચોપડીઓ ઘણા વરસ સુધી એકને એકજ જણ પાસે રહે છે. તેથી તેનો ઉપયોગ કરનાર મનમાં કંઇક મગરૂર રહે છે. ને જાણે હુંજ કરતો કારવતો હઉં, તેમ હીલચાલ કરે છે. તેથી જથાવાર બીજા ગામમાં ૧૦ વરસે હેરફેર કરી લાયક નિષ્પક્ષપાતી માણસને આપવી.

૨૩.—કજોડું થાય, એવી રીતે વરકન્યા પરણાવવાં નહીં; કેમકે એથી અનીતિ થવાનો સંભવ છે. અને ઊછરતી પ્રજા નિર્માલ્ય થાય છે.

૨૪.—સારો વિદ્યાભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને ઉત્તેજન.

૧. જે જે પ્રાંતમાં જે જે રૂપીઆ જેની પાસે છે, તેનું વ્યાજ વરસો વરસ તે પ્રાંતના અગ્રેસરોએ ઉઘરાવી એકઠું કરવું. વ્યાજ ચઢવા દેવું નહીં.

૨. ઉપજેલા વ્યાજમાંથી સ્વજ્ઞાતીના જે જે છોકરાઓ ઉંચામાં ઉચા ધોરણમાં પાસ થાય તેને ઉત્તેજન તરીકે તેની લાયકાત પ્રમાણે ઇનામ આપવું. અને તેમને આગળ અભ્યાસ વધારવા પ્રેરણા કરવી.

પ્રસિદ્ધ કરનાર

સર્વ જ્ઞાતિબંધુઓ.

સંવત ૧૯૬૫ ના પોશ માસમાં નડીઆદ મુકામે સાડત્રીશના જ્ઞાતીબંધુઓ ભેગા થએલા, ને સર્વની સંમતિથી જ્ઞાતીમાં વર્તવાના ધારા સર્વની સમક્ષ બાંધેલા તેજ ધારા અત્રે પ્રકટ કરવામાં આવેલા છે. તે પેહેલાં જે જે બાબતો કેટલાક બંધુઓથી બનેલી હતી તેનાં સમાધાન કરેલાં છે ને જુજ બાકી છે તે વિશે વિચાર થશે.

આ ધારાઓ હવે પછી ખંત રાખી પાળવાના છે, અને જાણે સાડત્રીશનો સુધારો આજથીજ શરૂ થયો એમ માની સર્વ બંધુઓ પોતાનાહિતને માટે આ ધારા પાળશે. અને તેનું કોઇ પણ પ્રકારે ઉલ્લંઘન કરશે નહીં તો નિશ્ચય આપણો જય થઇ થોડા વખતમાં સ્વજ્ઞાતી સાડત્રીસના શ્રીગોડબંધુઓનું બીજા તડના શ્રીગૌડબધુઓ અનુકરણ કરશે. અને શ્રીમહાલક્ષ્મીમાતા આપણો જય કરી વંશની વૃદ્ધિ કરશે. તથાસ્તુ. મહાલક્ષ્મીમાતાકી જય.

આ ધારાઓ નડીઆદ મુકામે સંતરામ મહારાજના મંદીરમાં ભેગા થઇ બાંધતી વખતે ત્રણે પ્રાંતોના સમગ્ર ભાઇઓએ સહીઓ આપી બાંધેલા છે. બધી સહીઓ આ ઠેકાણે દાખલ કરતાં લંબાણ થઈ ખર્ચ વધારે થાય માટે તે સહીઓ અત્રે દાખલ કરી નથી. પણ સર્વ ભાઈઓ માન્ય ગણી લેશો.

છ. મ. પં.

કન્યા વિક્રય.

કન્યા વિક્રય એટલે દીકરીનું વેચાણ. દીકરીનું બીજા જોડે લગ્ન કરી તેની પાસેથી ધન લેવું, એટલે દીકરીનો પૈસો લેવો, એટલે દીકરીનું વેચાણ કર્યું એમ કહેવાય.

ગાય, બળદ, ભેંસ, ઘોડા વિગેરે પશુઓને કીંમત ઠરાવી માલીકો વેચે છે તેમજ અધમ પિતા પોતાની દીકરીના જ્યાં વધારે પૈસા આવે ત્યાં વેચે છે, એટલે તેને પરણાવી તેના હાથમાં આપેછે.

જે પોતાથી ઉત્પન્ન થઇ અને નાનપણથી ઉછેરી કાલુ, કાલુ બોલતી ઉછેરી મોટી કરી તેવી દીકરીને પોતાના મન ગમતા દામ લઇ ગમે તેવા અધમ, નાદાન, મુર્ખ અને રોગી જોડે પરણાવી તેને ધકેલી મુકે, અને તેના વેચાણના આવેલા પૈસાથી જમીન લે, ઘર બાંધે ને આનંદ માને તેવાને આ જગતમાં ચંડાળ જાણવો. અને તેને હજાર દરજ્જે ધિક્કાર છે. તે ચંડાળ એમ જાણતો નથી કે આવા લોહી માંસના પૈસા પહોંચશે નહિ, પણ ખરી વાત છે કે એવા લોહી માંસના પૈસા તે ચંડાળ પાસે રહેતા નથી, અને ઘરમાં જે કંઇ હોય છે તે પણ થોડા વખતમાં જતું રહે છે, અને તે દુષ્ટ છેક કંગાળ સ્થિતિમાં અનેક રોગોથી પીડિત થઇ નિરાશા ભોગવી નર્કના દ્વારમાં જાય છે. ઇશ્વર આપણા સ્વજ્ઞાતિલા ભાઇઓને આવા અધમ પાપથી બચાવો.

૧ આપણા શાસ્ત્રમાં વિવાહ આઠ પ્રકારના છે. બ્રહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાંધર્વ, રાક્ષસ, પૈશાચ, એ આઠ પ્રકારના વિવાહ ઠહેલા છે. તેમાં આર્ષ વિવાહમાં કન્યાનો બાપ વર પાસેથી ક્રિયાને બહાને ગાયનું જોડું લેતો પાછળથી એ ગાયના જોડાને બદલે થોડું ધન અને એમ વધતાં વધતાં આ રાક્ષસી રકમ લેવાનો ચાલ પડયો હશે એમ જણાય છે.

આવા કન્યાનું વેચાણ કરનારા પિશાચો પોતાની પુત્રીનું બીલકુલ સુખ ચહાતા નથી, અને જો વધારે પૈસા મળે તો પોતાની નાની બાળકી ૬૦ વરસના બુઢ્ઢાને અગર રોગીને, મૂર્ખને કે નપું-

સકને પરણાવે છે, અને પછી દીકરીનો અત્યંત નિસાસો લે છે પણ રે ! તેથી તેને કંઇ શરમ કે લાજ આવતી નથી, પણ તેના ઉપર ઇશ્વરનો છાનો કોપ થાય છે. તે જગતની નિંદાને કે કોપને તો ગણતો નથી પણ પરમેશ્વરના ક્રોપ આગળ તેનું કંઇજ ચાલતું નથી. તેના કોપથી તે દુષ્ટ માર્ગે આવેલું નાણું જતું રહે છે, અને દુઃખમય અવસ્થાથાં ધાન્ય પાણી વગરનો બુરે હાલે થઇ જાય છે. ખરે ! એવા માટીના પૈસાથી કોઇ સુખી થયું નથી અને થવાનું પણ નથી, અને કન્યાના નિસાસાનું પાપ ઓછું લાગતું નથી.

વળી કેટલાક પોતાની જુઠી મોટાઇને લીધે કુળવાન કહેવાતા કુળમાં ઘરડા ૬૦ કે એથી વધારે વરસનાને પોતાની નાની ઉમરની બાળકી પરણાવે છે ને તેને થોડા વખતમાં રંડાપો આપે છે તેને પણ ધિક્કાર છે. તે વિષે કહ્યું છે કે,

સાર્દૂલ વિક્રિડિત.

કન્યા વિક્રય જે કરે, ધન લઇ, ધિક્કાર તેને ખરો;
કીર્તિના કદી લોભથી કુળ[1] જુએ, તે પાપી પુરો ખરો.

શ્લોક.

स्त्री धनानि उपे मोहादुपजीवंति बांधवा: ॥
नारीयानानी वस्त्रं वा ते पापायांत्यधोगतिम् ॥

અર્થ—જેઓ મુર્ખ અને અવિચારી મનુષ્યો સ્ત્રી ધન ઉપર આજીવિકા કરે છે તે દુષ્ટ અને પાપી નર્કના અધિકારી થાય છે. માટે પૈસા લઇ પુત્રી પરણાવવી તે ઉદ્ધાર નહીં થતાં મહા નર્કમાં લઈ જાય છે.

વસંત તિલકાવૃત્ત.

કન્યા તણો અતિ દુષ્ટ પૈસોજ લેછે,
અંતે પિડા તનપર અતિશેજ સહે છે.
એ ધન તો આ ભવનમાં નવ રહે કદાપિ,
કહેવાય છે જગતમાં નર તેજ પાપી;

---

૧ કુળવાન હોય પણ તે ઘણો ઘરડો હોય તો તેને નાની કન્યા આપવી નહીં.

વેચે પશુ અવરને ગૃહી દામ હાથે,
તેવીજ રીતે વરત્યો પ્રિય પુત્રી સાથે.
વિક્રય કન્યા તણો કરેજ સારા,
ધિક્કાર એહ જનને દુઃખ આપનારા;
શાસ્ત્રોતણા વચનને નહીં માન્ય કીધું,
પુત્રિતણું જર જેણે અતિશેજ લીધું.
એ પાપથી નહીં કદી છૂટકો થવાનો,
મૃત્યુ થએથી તે જન નર્કે જનારો.

કન્યા વિક્રય કરનાર માતા પિતા આપણા શાસ્ત્રોમાં શું કહેલું છે તેનો કંઇપણ વિચાર નહીં કરતાં અંધ થઇ પૈસો મારો પરમેશ્વર જાણી ધર્મને આઘો મૂકી પોતાની નિરપરાધિ બાળકીને કુવામાં નાંખી પોતે મોટા નર્કના ખાડામાં પડે છે.

શ્લોક.

मेरुमंदतूल्यानि पापानि विविधानि च ॥
रुद्रजाप्ये दहेत्तानी कन्याविक्रय जं विना ॥

અર્થ—માહેશ્વરના જાપ જપવાથી મેરૂ જેવડાં જુદાં જુદાં પ્રકારનાં પાપ નાશ પામે, પણ કન્યા વિક્રયનું પાપ ગમે તેટલાં બાજાં પુન્ય કરો જાપ કરો, પણ જતું નથી તે કરનારો નર્કમાંજ પડે છે.

આ વિષય ઉપર હું લાંબુ લખત પણ મહારા મિત્ર કેશવલાલે આ વિષય ઉપર ચર્ચા લખી છે. તેથીજ સંતોષ પમાશે.

છ. મ. પં.

કેળવણી.

કેળવણી એટલે બુદ્ધિ મનશક્તિઓ, અને ઇંદ્રિયોને ખીલવવી. વનસ્પતિના બીજમાંથી ફણગો ફુટે છે, તેને ખાતર પાણી વગેરે સીંચી તેની વૃદ્ધિ કરવાથી તે મુળ જે એક ફણગારૂપ હતું તેનું મોટું વૃક્ષ બનશે અને તેનાં સારાં ફળ ફુલ આવે છે. પછી તે ઘણા જન ઉપયોગમાં તેમ ઇતર પ્રાણીના ઉપયોગમાં આવે છે.

દરેક માણસમાં જન્મથી ઇશ્વરે બુદ્ધિબીજ મુકેલું છે. અને મન ઇંદ્રિયો, સ્નાયુઓ વગેરે આપેલાં છે. તેમને પ્રથમથીજ જ્ઞાનરૂપી પુરતું ખાતર આપી તે શક્તિઓને ખીલવવી એ તો લાયક ઉંમર થતાં ખીલી નીકળે છે (કેટલાકનો એવો મત છે કે સર્વ મનુષ્યોમાં સરખી બુદ્ધિ મૂકી છે પણ તે કેળવણીથી વૃદ્ધિ પામે છે પણ મારો તેવો મત નથી. કેમકે બે વિદ્યાર્થી એકજ વખત નિશાળે બેસે છે. બંનેને સરખી કેળવણી મળે છે. તેમાં એક બારિસ્ટર થાય છે અને બીજો સાધારણ શીખી શકે છે.)

બાળકને પાંચ સાત વરસનો થતા સુધી તેની માતાનો ઘણો સેહેવાસ છે માટે જો માતા ડાહી અને સમજુ હોય તોજ પોતાના છોકરાને બાળપણથીજ સારૂં જ્ઞાન આપી શકે છે. જેવું કે નઠારાં છોકરાં ભેગો રમવા ન દેવો. કેટલાંક નાનાં બાળકને કેટલીક ચીજો એકઠી કરી સંતાડી રાખવાની ટેવ હોય છે તેથી તે બીજે ઘેર રમવા જાય ત્યાં જે ચીજ એના દીઠામાં આવે તે લઇ લે છે ને પોતાને ઘેર લાવી રાખે છે. આવી અવસ્થામાં પારકી ચીજ ના લેવાય તેનું તેને ભાન હોતું નથી, પણ જો તેની માતા ડાહી હોય તો પારકાની ચીજ ન લાવવી, લાવીએ તો શું થાય વગેરે નીતિની શિખામણ આપી તેની ટેવ છોડાવી દે છે. આવી ટેવ જો નાનપણથી માતા છોડાવી દે તો તે બાળક જ્યારે મોટો થાય ત્યારે તે ઘણાનો વિશ્વાસપાત્ર થાય છે.

માતાની બાળકને નાનપણની કેળવણી ઉપર પાયા નંખાઇ આગળ ઇમારત ચણાવવામાં આવે છે.

ઘણી માતાઓ મારા જોવામાં આવી છે કે પોતાનો બાળક કંઇ ચીજ કોઇના ઘરમાંથી લાવે, અગર બીજા છોકરાને ગાળો ભાંડી કે મારીને આવે તો તેને ઠપકો દઇ સુનીતિએ નહીં ચડાવતાં ઊલટી કહેવા આવનારને લડે છે, અને છોકરાનું ઉપરાણું લે છે. આમ કરવાથી છોકરાંમાં તેવી ઘણી કુટેવો વધે છે, અને તે વધતાં વધતાં એટલે સુધી જડ ઘાલી બેસે છે કે મોટા થાય તો પણ ઘેર આવેલા પરોણાનાં ગજવાં ફ ફોસવા માંડે છે ને કંઈ હાથ લાગે તે લઇ લે છે. આથી તે પરોણાથી કંઇ બોલાતું નથી પણ તેના મનમાં સ્વ-

ભાવિક રીતે એમ આવે છે કે આ ઘરની રીતભાત સારી નથી અને તે પ્રસંગોપાત બીજાને કહે છે, કે ફલાણાને ઘેર ગયા હતા, તે આમ થયું. આથી તે ઘરનાં માણુસોની પ્રતિષ્ઠા ઘટે છે; અને તેના છોકરા નિંદાય છે. નાત જાતમાં પરગામ જાય છે, ત્યાં પણુ તેનો વિશ્વાસ કોઇ રાખતું નથી ને તે પાસે ઉતર્યો હોય, તો તેની ઘણી સાવચેતી રાખે છે. જ્ઞાતિભાઇઓને પણુ આ વિષે થોડો ઘણો અનુભવ થયો હશે. અગર સાંભળ્યું પણુ હશે. આ બધાનું કારણુ નાનપણુમાં માતાની કેળવણી નહીં તેનુંજ છે, માટે દરેક માતાએ નાનપણુમાં આવી આવી કુટેવો લક્ષમાં રાખી પોતાના બાળકને એવી ટેવ ન પડે તેવી સંભાળ રાખવી જોઇએ.

દિવસે દિવસે જમાનો ફરે છે તે પ્રમાણે માતાઓએ લક્ષમાં રાખી જેમ બને તેમ પોતાનાં બાળકોને તનદુરસ્ત રાખી બાળપણુની કુટેવોથી બચાવવાં કે તે આગળ આશિરવાદ રૂપે થઇ પડશે.

હજી આપણી બ્રાહ્મણુ જ્ઞાતિની માતાઓમાં એવી ટેવ માલમ પડે છે કે—છોકરાને નિશાળે મોકલતાં તે છોકરો રડે, આડાઈ કરે, અગર કંઇ લેવાની હઠ કરી નિશાળે જવાનું ના કહે, અને તે વખતે તેનો બાપ લગાર શિક્ષા કરી અને તાણીને બોલીને નિશાળે મુકવા જાય, પેલો છોકરો આડાઇ કરી વધારે રડે, તે વખતે તેની માતા મોટો ઘાંટો કહાડી કહે છે, કે બા, મારા છોકરાને મારવાનો નથી, રડાવાનો નથી, હશે જીવતો રહેશે તો બ્રાહ્મણુનો છોકરો ભીખ માગી ખાશે અરે ! આ શો આર્શિવાદ ! નાનપણુથી માતા આપે છે? નાનપણુમાંજ-ઉછરતાં ભીખ માગવાનો આર્શિવાદ ! અરે આ આર્શિવાદ કેવો અઘટિત છે. માતાએ તેને સમજાવી તેનું મન શાંત કરી તેને સુધારવાપર લક્ષ રાખવું જોઇએ તેને બદલે " ભીખ માગી ખાશે " આવું કહેવું તે બહુજ અઘટિત છે. માટે હું વિનંતિ કરૂં છું કે કોઇ માતાએ પોતાના પુત્રને આવો આશિરવાદ આપવો નહિ. અરે ! એવો જમાનો આવે છે કે દશ વરસ પછી બ્રાહ્મણુને ભીખ પણુ નહીં આપે. માટે સૌએ આ વાત લક્ષમાં રાખી પોતાના પુત્રોને વિદ્યાભ્યાસ કરાવવો.

પોતાના પુત્રોને તમે કંઇજ ન આપશો, પણુ તમારી શક્તિ પ્રમાણે તેમને નાનપણુથી વિદ્યાદાન આપો. અરે ! વિદ્યારૂપી દાનનું

બહુ પુન્ય છે. પુત્રને પરણાવાની ફીકર ન રાખો, પણ તેને વિદ્યા ભણાવવાની ફીકર રાખો. વિદ્યા સંપાદન કર્યા પછી તે પોતાની મેળે સર્વ સંપાદન કરી શકશે. વિદ્યા એ પરમ દૈવત છે. ગરીબમાં ગરીબ માણસ જો વિદ્વાન હશે તો તેની ખ્યાતિ થાય છે. તેના આચાર વિચાર કેવા સુધરેલા હોય છે. રે ! તેના મુખારવિંદ ઉપર કેટલું તેજ અને કેટલું ચાંચલ્યપણું હોય છે. માટે રે ! જ્ઞાતિબંધુઓ આજ ના વખતને ઓળખીને તમારા પુત્રોને કેળવણી આપો, સુધારો. તે સુખી થશે. રે ! કેળવણી આપશો તો તે તમારી પાસે ઉંમરે આવેથી કંઇ માગશે નહીં. પણ તમને આશિષ આપી દેવ તરીકે પુજશે; પોતાના માતા પિતા તરફ શા ધર્મ છે, તે સમજશે, અને તમારાં ઘડપણ શુખશાંતિમાં અને આનંદમાં જશે. તે સુધરેલા પુત્રો તમારી આ સંસારિક ધારેલી મન વાંછનાઓ ઘડપણમાં પુરી કરશે.

ઘણા કપૂત પુત્રો પોતાનાં માબાપને ઘડપણમાં દુઃખ દે છે તેમનું પોષણ કરતા નથી જુદાં કહાડી મૂકે છે. પોતાની સ્ત્રીને વશ થઈ પોતાનાં પવિત્ર માબાપની સામું પણ જોતા નથી તેવા કુપુત્રોને હજાર ઘણે દરજ્જે ધિક્કાર છે. તે કદી પોતાના આવા પાપમાંથી છુટવાના નથી કેટલો મનમાં વિચાર કરતા કંઇ સહેજ માલમ પડી આવશે કે તેનો કુળનો અભ્યાસ હોય અને માબાપનો પણ કંઇક વાંક છે કે તેમને નાનપણમાંથી કેળવ્યા નહીં ને સુધારવાને ઠે-કાણે બગાડ્યા.

વખત ફરતો જાય તેમ માણસે પોતાના સ્વભાવના વલણમાં ફેરફાર કરવો તે કુદરતી નિયમ છે તેજ પ્રમાણે આવા પ્રતાપી અં-ગ્રેજી રાજ્યમાં ગામે ગામ શાળાઓ ઊઘાડી છે. ભણવાની સઘળી અનુકૂળતા રાજ્ય તરફથી છે. તો આવા અમૂલ્ય વખતનો જે લાભ નહીં લેશે તે પાછળથી પસ્તાશે અને પોતાના માબાપને આશિરવાદ આપવાને ઠેકાણે શ્રાપ આપશે. માટે જ્ઞાતિ બંધુઓ પોતાનામાં આ કેલવણી સંબંધી જે ભૂલો માલમ પડે તે કહાડી નાંખી પોતાના પુત્રો ઉપર દયા કરી તેને નાનપણથીજ સુધારવા માંડી કેળવણી આપી વિદ્યા દેવીનો સ્વાદ ચખાડો. તે સ્વાદ અમૃતના જેવો છે. તેમાંથી સર્વ મળી શકશે. મારી પ્રાર્થના છે કે કૃપાળુ પ્રભુ તમારા અંતઃકરણમાં પોતાનાં બાળકોને સુધારવાની પ્રેરણા કરો.

કેળવણી પામેલો માણુસ પોતાના વિવેક અને નમ્રતા ભરેલા ગુણુ વડે કરી આખા જગતને વશ કરે છે પણુ અદેખા માણુસ આગળ તેનો વિનય ચાલતો નથી. કારણકે અદેખો માણુસ પોતાની નબળાઇથી અને બીજાની વડાઇથી બળી મરી હમેશ સારાની ઇર્ષા કર્યા કરે છે. બીજાને મળતો માન મરતબો તેનાથી જોઇ શકાતો નથી. ઘણી જ્ઞાતોમાં કેળવણી પામેલાને માન મળે છે. તોપણુ તેનું અદેખા અને દ્વેષથી ભરેલા આસુરી જીવ આગળ ચાલતુ નથી તે વિષે એક દોહરો.

એક અદેખા જન વિના, વિનય થકી વશ થાય;
જળ સૌને શિતળ કરે, તાતા તેલ સિવાય.

પાણી ગમે તેવા અગ્નિને શિતળ કરી નાંખે છે. તથાપિ તેલ ને પાણીને શો દ્વેષભાવ છે કે ઊકળતા તેલને શિતળ કરવા જો પાણી છાંટીએ તો ઉલટો ભડકો થઇ જઇ તમામ તેલ બળી ઉડે છે. (તેમજ અદેખો બીજાનું સારૂં જોઇ બળી ઉડે છે) વળી અદેખા માટે કહ્યું છે કે

ગાજે જ્યાં ગગન ઘન, જવાસા સુકાઇ જાય
તરૂવર તો તમામ ફાલીને ફેલાય છે.
સુરજની શોભા દેખી સર્વને સંતોષ થાય
*ઘુડતો ઘલાઈ ખુણે ઘણાં ઘભરાય છે
અદેખાને ઉપદ્રવ કરે નહીં તોય પણુ
અદેખાનું શરીર સ્વભાવથી સુકાય છે
સુણો રૂડા સુજ્ઞ જન ભાખે જન ભાવ ધરી
જેમ રાસફરસ સ્વભાવે બળી જાય છે.

આ જગતમાં દૈવી અને આસુરી બે જાતના જીવ છે. તેમાં દૈવી જીવ આનંદી, હસમુખો, વિવેકી અને બીજાનું સારૂં દેખી ખુશી થાય એવા હોય છે. અને આસુરી હમેશ અદેખો બળતો શુષ્ક શરીરવાળો, સામાની ચેષ્ટા કરતો માલુમ પડે છે. પણુ એવા બળતા અદેખા માણુસો, મનમાં સમજી રાખજો કે તમારા દિવસ એવા બળતાજ જવાના. જે આનંદી, બીજાનું સારૂં ચહાનાર, બીજાનું મહત્વ જોઇ ખુશી થનાર કેળવણી પામેલા યુવકો આગળ સારા નીકળી

૧. ઘુડ એટલે ઘુવડ નામનું પક્ષી. એને ગામડીઆ લોકો રાતનો રાજા કહે છે.

જ્ઞાતિબંધનમાં કેવા સારા સુધારા કરશે, અને તે પોતાની સંતતિ કેવી સુધારશે, તે જોવા આશા રાખવામાં આવે છે. ઇશ્વર તેમને સદ્બુદ્ધિ આપો અને વિદ્યાના અગણિત સ્વાદ ચાખો. વળી વિદ્યા કેવી અમૂલ્ય ચીજ છે તે વિષે.

श्लोक.

विद्या नाम नरस्य रुपमधिकम् प्रच्छन्नगुप्तं धनम्
विद्या भोगकरी यशः सुखकरी, विद्या गुरुणाम् गुरुः
विद्या बन्धुजनो विदेशगमने विद्या परा देवता
विद्या राजसु पूजितान तु धनम् विद्याविहीनः पशुः

અર્થ—વિદ્યા એ માણસનું ઉત્તમ ભૂષણ છે અને સારૂં ધન છે સંસારમાં કીર્તિ, વૈભવ અને સુખની આપનારી તથા મોટા ગુરૂ છે. રાજમાં માન, પુરૂષનું પરમ દૈવત અને ધન પેદા કરનાર વગેરે અનેક ગુણથી ભરેલી છે. પણ જે વિદ્યાને ગ્રહણ કરતો નથી એ-ટલે ભણ્યો નથી તે પશુ જેવો છે. માટે પ્રિય જ્ઞાતિ ભાઇઓ વિદ્યા રૂપી કલ્પવૃક્ષ સંપાદન કરો. તથાસ્તુ. **છ. મ. પં.**

સ્ત્રીની યોગ્યતા.

આપણ જનસમાજમાં સ્ત્રીની પદવી કેવી છે, તે વિષે આ ઠેકાણે વિવેચન કરવા ધારૂં છું. કારણ બાળકોની પ્રથમ નીતિ પોતાની માતા ઉપર આધાર રાખે છે.

બધા સુધરેલા દેશોમાં સ્ત્રીઓની સ્થીતિ સુધરતી જાય છે. સ્ત્રીએ માતા રૂપે, ભગિની રૂપે અને પત્ની રૂપે જનસમાજમાં સુખદાતા છે અને તેની ઉપર પુરૂષની સર્વોપરી સત્તા ઇશ્વરેજ નિર્માણ કરેલી છે. આ વિચાર લોકોના મનમાંથી દિવસે દિવસે નીકળતો જાય છે. અને સ્ત્રીઓને વધારે સ્વતંત્રતા આપતા જાય છે, અને તેમનામાં સ્વમાન, અને સ્વાતંત્ર્યનો ગુણ વધારે વધારે દૃષ્ટિએ પડે છે. સઘળા સુધરેલા દેશમાં સ્ત્રીઓ પોતાની મિલ્કતની માલકી જુદી ધરાવી શકે છે.

સુધરેલા દેશમાં જેટલું સ્ત્રીઓને માન મળે છે તેટલું હાલ આપણા દેશમાં નથી, પણ સ્ત્રીને પ્રથમથીજ સુધારી તેના પ્રત્યે પ્રીતિભાવથી વર્તી સંસારના હરેક કાર્યમાં પુરૂષ જોડે ભાગ લેતી કરવી. આગળના વખતમાં આ કહેવાની જરૂર નહોતી કેમકે સ્ત્રીઓ ઘણી બુદ્ધિશાળી અને પતિવ્રતા હતી પુરૂષને હરેક કામમાં મદદ કરતી અને સારામાં સારી સ્ત્રીઓના દાખલા આખી દુનિયાપાર જોઇએ તો આપણા આર્યાવ્રતમાંજ છે. સીતા, દમયતી, દ્રૌપદી, અહલ્યાબાઇ, તારામતિ, ગાર્ગી વગેરે પવિત્ર સ્ત્રીઓનાં દ્દષ્ટાંત અનેક મળી આવે છે. અહા ! તે સ્ત્રીઓએ પોતાના પતિઓ પ્રત્યે પોતાની કેવી પવિત્ર ફરજો બજાવી છે; પણ તે વખતની એક વાત યાદ રાખવાની છે. સ્ત્રીઓને ઓઝલ નહોતો. તેમને ફરવા હરવાની છૂટ હતી. ગૃહકામનો બોજો વધારે નહોતો. સુનીતિમાન કેલવણી વૃદ્ધ આચાર્યો પાસે અપાતી હતી. તેમનાં માતા પિતા ઊંચ વિચારના નીતિમાન હતાં, તેથી તેમને વારસામાંજ આચાર વિચાર અને નીતિ મળતી અને ઊછરતી અવસ્થામાં તે કેળવણી પામી ગુણજ્ઞ થતાં. અહા ! આવી સન્નારીઓનો યુગ હતો. ત્યારે જનસમુહ કેવો બળવાન અને સુખી હતો ! વ્યવહારાદિક કર્મો, યજ્ઞ, યાગો કેવા પ્રકારથી થતા, અને દેવતાઓ સંતુષ્ટ રહી આર્યાવ્રત ઉપર પ્રેમની વૃષ્ટિ વરસાવતા હતા, અને પૃથ્વી ઉપર એવો આબાદ અને જાહોજલાલીથી ભરપુર દેશ હતો કે જેની ઇતર દેશો જોવાની ઇચ્છા કરતા. અને તે ઘણા દુર્લભપણે જોઇ શકતા અને આર્યાવૃત્તની રેણી-કરણી, સદાચાર, લક્ષ્મી, પવિત્ર સ્ત્રીઓનાં આચરણ, પુરૂષોનું વિરત્વપણું ઇત્યાદિ મહાગુણો પોતાના દેશોના ઇતિહાસોમાં નમુના તરીકે દાખલ કરતા. એ આ ભરતખંડ હાલ દુર્દશાને પામ્યો છે !

રે ! ! પૈસે ટકે, વીર બળથી, મહત્વકાંક્ષાપણાથી નિર્બળ થઇ ગયો છે. તેનું કારણ સ્ત્રી રત્નની ખોટા કુસંપ, બાળલગ્નથી નિર્બળ પ્રજાની ઉત્પત્તિ, વચલા સમયમાં બીજા કુર રાજાઓના હુમલા, તેમનાં જુલમી રાજ્યો, અને અંદર અંદર લડાઇઓથી દેશ પાયમાલ બની ગયો. કાબુલ વગેરે ઇતર દેશો લક્ષ્મી લૂટી લઇ ગયા. કેટલાક રાજાના હાંટલા અનગળ દ્રવ્યના ખજાના ઉપર દરિયાનાં પાણી ફરી વળ્યાં ! સૂવર્ણમય દ્વારિકા નગરી દરિયામાં લોપ

થઇ ગઇ. ઇત્યાદિ ઇત્યાદિ કારણોથી દેશની માઠી ખરાબી થઇ ગઇ છે, અને તે કારણોથી હિંદુબાળ એ ગૃહકામની વિટંબણામાં વીંટાએલી રહે છે. ગુજરાન અર્થે ફાંફાં મારવાં પડે છે. તેથી તેમને નૈતિક શિક્ષણ લેવાની નવરાશ આવતી નથી, પણ હાલ પ્રતાપિ, ન્યાયી અંગ્રેજ સરકારનું રાજ્ય ચાલે છે, ઠામ ઠામ કન્યાશાળાઓ નીકળી છે. કેટલાક રાજ્યમાં જનાના કલાશ નીકળ્યા છે. તો સ્વજ્ઞાતિ બેનોને હું વિનંતી કરૂં છું કે તેણે પોતે સુધરવું અને પોતાની ઊછરતી પ્રજાને સુધારવા ઉપર લક્ષ આપવું.

આથી આપણો સંસાર સુધરશે, અને આપણાં બાળકો મોટપણે આપણને આશિષ દેશે. એ વાત નક્કી છે કે જો માતાઓ સુધરશે તોજ તેમની સંતતિ સુધરશે, ને જ્યાં સુધી માતા સુધરી નથી ત્યાં સુધી તે પોતાના બાળકોને સુધારી શકવાની નથી, અને સંસારિક વ્યવહારમાં તેના ઘરમાંથી કજીઆ કંકાસ ઘટવાનો નહીં.અને હંમેશાં નિંદા થવાની તથા અનેક પ્રકારના વેહેમ ઘર કરી રહેવાના. જે બાઇ કંઇક સમજી શકે છે અને પોતાના કુટુંબમાં કેળવણીએ પ્રસાર કરેલો છે તેવી બાઇને તમે જોશો તો તે કેવી માયાળુ, ઠાવકા મનની, સહન શિળતાથી ભરેલા મુખારવિંદ વાળી અને આનંદી દેખાશે. આવેલા પરોણાનું આતિથ્ય ઘણા વિવેકથી કરતી માલુમ પડશે. હું સ્વજ્ઞાતિમાં આવી પવિત્ર અને માયાળુ, સમજણીઓ ઘણી બાઇઓ થાય અને પોતાનાં સંસાર સુખોમાં પોતાના ભરથારને, પુત્રોને અને સગાં વહાલાંને પોતાનાં શુદ્ધ અંતઃકરણના મનો વિકાર રૂપી વિવેકથી રંજન કરે કુટુંબ કલેશથી દૂર થાય એવી સાધ્વી સ્ત્રીઓ જોવાને ઘણો ઊત્સુક છું, અને ઇશ્વર મારી એ ધારણા પૂરી પાડી સ્વજ્ઞાતિનાં બાળકોને તેની માતાઓ સુધારે એવી તેની મનોવૃત્તિ સુધરે એવી મહારી આશિષ છે.

જે જે સ્ત્રીઓ કુસંગે ચડી પોતાના પિતાના કુળને અને પતિના કુળને વગોવે છે તેવી કુભારજા સ્ત્રીઓની તો આ ઠેકાણે વાત નથી. તે પોતે કુપાત્ર તો પોતાનાં કુમળાં બાળકોને ક્યાંથી સુધારી શકે ? રે ! તેવી સ્ત્રીઓથી ઊતપન્ન થએલાં તેનાં ફરજન પણ તેના જેવાંજ અનીતિમાન છે. તેવા દાખલા સુજ્ઞ જનોને જણાઇ

આવ્યા હશે. તેવી અનીતિમાન સ્ત્રીને હજારવાર ધિક્કાર છે. વ્યભિચારી પુરૂષો તથા સ્ત્રીઓને સુબોધ મળે તેટલા માટે કેટલાક દોહરા નીચે લખી બતાવું છું.

દોહરા.

ચોરી જૂઠ ગુના વળી, અધર્મને અન્યાય,
વિવિધ દોષ વ્યભિચારના, કુકર્મમાં કહેવાય. ૧

લાજ ઘટે સૌ લોકમાં, શત્રુતા શિર થાય,
અકાળ મૃત્યુ ઉપજે, જીવ કદાપિ જાય. ૨

સદ્‌ગુણ સઘળા હોય પણ, ચિત ચાહે વ્યભિચાર,
જશ નવ પામે જગતમાં, કરે લોક ધિક્કાર. ૩

કરે કોપ સ્નેહી સગાં, કરે કોપ નરનાર,
કરે ક્રોધ પૃથ્વી પતિ. કરે કોપ કરતાર. ૪

ઉત્તમ બુદ્ધિ ના ઉપજે, સુજે ન ઉદ્યમ સાર,
ગર્થ ગુમાવે ગાંઠનો, ખાર કર્મ કરનાર. ૫

કુપ પડી મરવું ભલું, પીવું ભલું વિષપાન,
અનેક દુઃખની આપદા, નહીં વ્યભિચાર સમાન. ૬

નામ બુરાડે બાપનું, કુળમાં ધરે કલંક,
ટળે ન કદીએ ટાળતાં, એ લાંછનનો અંક. ૭

હોય રાય કે રંક પણ, નિશ્ચે બહુ નિંદાય,
શ્વાનતુલ્ય સૌકો ગણે, જીવતો પ્રેત જણાય. ૮

શાણાં જન સંસારમાં, કરે ન એવું કામ,
કરનારાં આ જગતમાં, પામે બહુ બદનામ. ૯

સુધરેલાએ પોતાની ધર્મ પત્નિને સુધારવી, તેનામાં કુટેવો હોય તે દૂર કરી તેને પોતાની જેવી સદ્‌ગુણવાળી કરી તેને જોઇતી છૂટ આપવી અને તેની જોડે પૂર્ણ સ્નેહથી વર્તી પોતાનો સંસાર રસિક બનાવવો. પુરૂષો કેળવણી લઇ જ્યા સુધી તેમનામાં પોતાની સ્ત્રી અને બાળકોને સુધારવાની શક્તિ અને ગુણો નથી આવ્યા ત્યાં સુધી તેમની કેળવણી કંઇ કામની નથી કારણ જે પોતાનો ગૃહ સંસાર સુધારી શકતો નથી તે [illegible] શું સુધારી શકશે ? જુઓ આગ-

ળના જ્ઞાનિઓની કુટુંબની રીતભાતોના ઇતિહાસે તેમના ઘરસંસાર કેવા સુધરેલા નૈષ્ઠિક અને સુધરેલા અંતઃકરણવાળાં મનુષ્યોથી ભરપુર હતા અને સ્ત્રી વર્ગોમાં કેવા માનથી જોવાતું હતું ? અવતારી પુરૂષો પણ પોતાની પતિવ્રતા સ્ત્રીઓને પણ ઘણા માનથી જોતા અને સ્મરણ તરીકે તેમનું નામ પોતા કરતાં પહેલું મૂકતા જેમકે સીતારામ, રાધાકૃષ્ણ વગેરે.

મનુ નામના મહારૂષિએ કહ્યું છે કે "**अत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः ॥** અર્થ—જે ઘરમાં સ્ત્રીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ રમણ કરેછે. મતલબ કે તેને સુધારી ઘટતી છૂટ આપી હોય, તો તે સલાહકાર થઇ ઘણાં સારાં ફળને ઉત્પન્ન કરનારી છે. અને એમ ઉત્તરોત્તર સ્ત્રી વર્ગ સુધરવાથી દેશની મોટી ઉન્નતિ થાય છે. માટે આ બાબત જ્ઞાની અને સમજુ માણસોએ ઠરેલપણું રાખી જેમ બને તેમ પોતાનો કુટુંબ સંસાર સુધારવા લક્ષમાં રાખવું જોઇએ.

છ. મ. પં.

સુચના.

આપણી નાતમાં તમો લ્હાણાંની સંખ્યા ગણો છો, ને તે ઉપરથી ઘરની સંખ્યા ગણો છો, પણ લગાર વિચાર કરી જોશો તો ખરેખરાં લ્હાણાં કેટલાં થાય છે તે જણાઇ આવશે.

નાતમાં કેટલી બધી વિધવાઓ માલમ પડશે. અને તે વિધવાઓ શા ઉપર નિર્વાહ કરે છે; તેની લગાર દયા રાખો. બીજી નાતના કરતાં આપણી નાતમાં વિધવાઓ વધારે કેમ છે ? આપણી કુળદેવી મહાલક્ષ્મી માતા છે, તેમની અકૃપાથીજ આમ બનતુ હશે એમ ધારવામાં આવે છે. એ અકૃપા શા માટે ? એનો વિચાર કરશો તો માલમ પડશે કે માતાજીની આજ્ઞા એવી છે કે, કન્યા વિક્રય ના કરો. દીકરીનું ધન લઇ પોતાના સુખાનંદને માટે વાપરવાનો વિચાર, કે ધનવાન થવાનો વિચાર ના કરો. જો આ પ્રમાણે તમે મનમાં સંકલ્પ કરશો કે દીકરીનું ધન વિષ્ટા બરોબર છે. ને તે સંકલ્પને મનમાં દ્રઢ કરી થોડાજ વરસ અનુભવ લ્યો તો, તમારી વસ્તીમાં વધારો થશે.

છ. મ. પં.

વળી વિધવાઓ થવાનું બીજું એક કારણ એ છે કે બાળલગ્ન ૧૦ કે ૧૧ વરસની થતાં પેહેલાં તો તેનુ લગ્ન કરી દેછે, પૈસા લેવાના લોભથી કે જાણે વર જતો રહેશે. આ બે કારણથી હરખઘેલાં મા બાપ આવાં બાળલગ્ન કરે છે. અને છોકરો, રોગી, કે મુર્ખ છે, કે હીણુકમાઉ નીવડશે તેની કંઇ દરકાર કરતાં નથી. પછી આખર પસ્તાય છે. બીજી નાતો જુઓ, ત્યાં કેવી રીતે કન્યાદાન દેવાય છે, ૧૨ વરસથી પેહેલાં કન્યા કાળ જતો રહેતો નથી. માટે હવે જમાનાને અનુસરીને વર્ત્તન અને ઇશ્વર કૃપા મેળવો તેમાંજ આપણું કલ્યાણ સમાએલું.

છ. મ. પં.

માબાપની આજ્ઞા પાળવા વિષે.

ઘણેક ઠેકાણે મારા જેવામાં આવ્યું છે કે ઉછરતા છોકરાઓ પોતાની માતાપિતાના કહ્યામાં રહેતા નથી. અને તેમની આજ્ઞા ઉલ્લંઘન કરી તેમને કલેશ ઉત્પન્ન કરાવે છે માટે આ વિષે હું સ્વજ્ઞાતિના ઉછરતી વયના તેમજ તે પછીની વયના કે સુભાગ્યે જેનાં માતાપિતા આરોગ્ય હોય તેવાને માટે બે બોલ લખી બોધ કરવાની જરૂર ધારૂં છું.

સઘળા મનુષ્ય ધારે છે કે આ સંસારમાં માબાપ જેવું બીજું અંતરમાં દાઝનાર, શુદ્ધ પ્રેમી, નિઃસ્વાર્થી, હિતકારક બીજું સગુ કોઇ નથી તેમાં માતાના પ્રેમની લાગણીનો બદલો વાળી શકાય તેમ નથી. તેણે નાનપણથી ઉછેરવા કેટલી બધી આપદાઓ વેઠી છે? એવાં કડવાં પણ અમ્રતમય ઓસડ પાઇ શરીર સુખકર બનાવવા દુઃખ વેઠયાં છે. પુત્રના સુખને માટે તેણે અનેક તરેહના સ્વાદિષ્ટ અહારો તજેલા છે અને પુરી ઉંઘવા પણ પામી નથી. વળી ભણાવવા પછવાડે, સુબુદ્ધિમાન અને નીતિમાન કરવા માટે મા બાપે કેટલી કાળજી રાખી છે. વળી તેમને આજીવિકાએ લગાડવા કેટલા પ્રયત્ન કર્યા છે? એવાં જે પ્રેમી માબાપ તેને કેટલાક પુત્રો પોતે લગ્ન થયા પછી સ્ત્રી ઘેર આવી અને થોડું તેનું ચલણ થયું કે

થોડું પોતે કમાવા શીખ્યા કે પોતાનાં હમેશ શુભેચ્છક માબાપની ગણતરી કરતા નથી. અને પોતાની સ્ત્રીના આધિન થઈ માબાપની અવગણના કરવા માંડે છે. માબાપ તેને સારૂ કહે તો પણ તેના મગજમાં હવે ઠસતું નથી. સબબ સ્ત્રી આધિન થઈ જાય છે. પણ એ યુવકોની ભૂલ છે. જે માબાપે આપણું આટલું બધું યુવાવસ્થા સુધી ભલુ કર્યું તેની અવગણના કરવી એ કેવી મૂર્ખાઇ છે. પણ માબાપના વેણને હાજી કહેતાં વધાવી લેવું જોઇએ, અને તેમની આજ્ઞા પાળવી, તેમની વૃદ્ધપણમાં સેવા કરવી એજ સુપુત્રનો ધર્મ છે બાકી કપૂતો તો ઘણાજ છે. પણ સુપૂતની કીર્તિના વખાણ થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે—

उत्तम श्चिंतितं कुर्यात्,
प्रोत्ककारि तु मध्यमः ॥
अधमोऽश्रद्धया कुर्यात्,
अंकर्त्तच्चारतं पितुः ॥

અર્થ—માબાપની ઇચ્છા વર્તીને જે આજ્ઞા ઉઠાવે તે ઉત્તમ અને તેમના કહેવાથી કરે તે મધ્યમ તે કહે ને ન છૂટકે કરે તે અધમ અને જે માબાપની આજ્ઞા પાળતો નથી તે કુપુત્ર છે.

કેટલાક જુવાનીઆ પોતાની સ્ત્રીને વશ થઇને પોતાના માબાપ તરફ માનની નજરથી જોતા નથી, અને તેમને ગણતા નથી તેમની અધોગતિ થાય છે. તેમણે વિચારવું જોઇએ. રામચંદ્ર સરખા અવતારી પુરૂષોએ ફક્ત માતા પિતાનાં વચન પાળવા એટલાં અસહ્ય દુઃખ વેઠયાં તો તેમની નીતિનાં આજે ઘણાં વરસ થયાં પણ સ્તુતિના રૂપે વખાણ થાય છે. આ વિષે લખવા બેસીએ તો માબાપના પુત્રો પ્રત્યે અગણિત ગુણો છે. અને તેનો બદલો વાળવા સુપુત્રે શી રીતે વર્તવું તે વિગતવાર લખવા બેસીએ તો આખો ગ્રંથ ભરાય પણ તેટલું ના લંબાવતાં ફક્ત શ્રવણ નામના પિતૃ ભક્તનું થોડુંક દૃષ્ટાંત આપુંછું. શ્રવણ માતા પિતાનો ભક્ત હતો એક વખત શ્રવણ ગામમાં ભિક્ષા માગવા ગયો તે વખતે શ્રવણની સ્ત્રી પાસે તેની આંધળી માતાએ પાણી માગ્યું તો વહુ ચીડાઇને અંધ સાસુને ગાળો ભાંડવા મંડી ને કહ્યું કે હર વખત

ક્યાંથી તૈયાર ને તૈયાર હોઇએ તે તને પાણી આપીએ. તું તો જન્મ પહોંચી ત્યારે ડોશી લગાર ચરભડયાં એટલામાં શ્રવણ આવ્યો તેણે સાંભળ્યું અને પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો ત્યારે સ્ત્રીએ કહ્યું કે તમારાં મા હમેશ ગાળો ભાંડે છે તે મારાથી સહન થતી નથી માટે તમારાં આંધળાં માબાપને ગંગાજીમાં પધરાવો. હું તો હવે તેમનું કહ્યું માનનાર નથી. ત્યારે શ્રવણે કહ્યું કે.

કવિત.

પ્રિય તેરી પ્રિય સખીયન મીલી બીહાસમે
ગ રી માંકું બોત બોત, ગીતનમેં ગાઇહે
તદ્દપિ તનકપુની તેરે લીએ મેરે ઊર
અહી અવસર કછુ ઇર્ષા ન આઇહે
અબ મેરી વૃદ્ધ મહતારી મુખ ગારી સુની
પ્યારી નારી કૈસે સબ તોસે ન સહાઇહે
તેરે લીએ સબ વહ જૈસે મેં સહન કીયે
મેરે લીએ અબ તેરે સહની સદાઇહે

હે પ્રિય સ્ત્રી તારા વિવાહને વખતે તારી બેનપણીઓએ મને અનેક પ્રકારની ગાળો ભાંડી હતી તે મેં તારે માટે વેઠી તો હવે મારી વૃદ્ધ અને અંધ માતા તને ગમે તેમ કહે તો પણ મારે માટે તારે વેઠવુંજ જોઇએ પણ તે સ્ત્રી ઘણી નઠારી હતી તેથી રીસાઇ પીએર ગઇ. પછી શ્રવણ પોતાનાં માબાપને એક કાવડમાં બેસાડી તિર્થાટન કરવા ગયો ઇત્યાદિ. એવા પિતૃ ભક્તો હતા ને છે.

છ. મ. પં.

કુળ વિષે.

કુળશું ? આ પ્રશ્ન નો જવાબ આ સુધરતા જતા જમાનામાં કેળવણી પામેલા સજ્જનો આ પ્રમાણે કરે છે. જે કુટુંબમાં સંપ, નમ્રતા, વિવેક પરોણાનું સ્વાગત કરવાને ઊત્સાહ, નિત્યકર્મ કરવાની હમેશની રીત, દેવાર્ચન, બ્રહ્મચારી, સન્યાસી, અને બીજા પવિત્ર માણસોનું અતિથ્ય સ્વીકારવાની રીત અહંકાર રહીત, પરોપકારી અને પવિત્ર હતી, કન્યા વિક્રય રહિત, આવા અનેક સદ્ગુણ સંપન્ન કુટુંબ કુળવાન કહેવાય છે.

આગળ જે કુળ બંધાયાં છે. તે વડીલોએ આવાજ ગુણ ગ્રહણ કરેલા એમાંતો કંઈ શક નથી. પણ લક્ષ્મીની પેડે કુળ વારસામાં મળતુ નથી. વડીલોની પાછળની પ્રજા પોતાના વડીલોના ગ્રહણ કરેલા સદ્ગુણો ગ્રહણ કરી ચાલે તો, તે બેશક તે તે કુટુંબ કુળવાન છે. પણ કુળ બંધાયાને કોણ જાણે કેટલાં વરસ થઇ ગયાં હશે; અને કુળવાન કુટુંબમાં કેટલાક મુર્ખ, વિદ્યાહીન, દુરવ્યસની, નિશાબાજ, આવોઓ પણ કુળનો ફાંકો રાખી ફરે. એ શું વ્યાજબી ગણાય. વળી બીજાની આશાપર નિર્વાહ ચલાવનાર, હમેશ ભીક્ષા માગી પોતાનો નિર્વાહ ચલાવનાર, પરસ્ત્રી લંપટ, પોતાની સ્ત્રીનો પોતાના કુળાભિમાનથી અનાદર કરી તુચ્છકાર કરનાર, શું આવાને કુળવાન કહેવાય ?

જે કુટુંબો વિદ્યાથી અને વિવેકથી કમભાગ્ય છે, તે પોતાના સંતાનનાં લગ્ન કેમ કરવાં તઓ સુખ કેમ પામે ! તેમનો સંસાર કેમ સુખ રૂપ થાય: તેને માટે કંઇ પણ વિચાર કરતા નથી અને ગમે તેમ એક બેજણ સ્વાર્થી કહેનાર મળે, કે પછી ગમે તેવો, મુર્ખ, અભણને વ્યભિચારી હોય, છેલ લાલાસરખો, સખી સરખો હોય, તો પણ શું થયું. તેને પોતાની લાડકોડમાં ઉછેરેલી બાળકી સોંપી દે છે. ને આવા કામમાં સ્વાર્થીઓ ઝટ ફાવી જાય છે.

આપણા વર્ગમાં એટલુ બધું નિષ્ઠુરપણુ વ્યાપી રહ્યું છે કે, તેઓ કુળના તલ્લીનપણાથી. બીજાના ભમાવવાથી કંઇપણ ભવિષ્યનો વિચાર કર્યા સિવાય કુળવાનનો ફાંકો રાખનારને ઘેર ધકેલી દેછે. :પછી ભવિષ્યમાં અતી પસ્તામણ થાય છે. કુળવાનના જેવા ગુણ છે, તેવા કુળવાન તો હંમેશ શ્રેષ્ટ છેજ. પણ જેણે પોતાની આગલી ઘરડાવરડાની રીતભાત તજી દીધી છે, તેના નામને એબ

લગાડે છે, પેટ ભરવા જેટલી વિદ્યા કે હુન્નર સંપાદાન કર્યા નથી તે પણ પાછળથી કુળવાનનો ફાંકો રાખે. અને તેના ઉપર બીજા ભુલાવો ખાય તે ફોકટ છે.

જેના બાપના વખનમાં કન્યા વિક્રય કરી ફક્ત પૈસા લેવાના લોભથી છેક બાળક વયમાં લગ્ન કરી પૈસા ગ્રહણ કરી લીધા છે, તેના પુત્રો કુળવાનનો ફાંકો રાખી ટાપટીપ કરે તો તે ઠેરઠેર નિંદાય છે. તો તેવાએ પોતાનું એવું અભિમાન મુકી દઇ વિવેક અને ડહાપણ ગ્રહણ કરી પોતાનું કુળ સુધારવું એજ સારી વાત છે કારણ જગત આરશી રૂપ છે.

હાલના ઊછરતા જમાનામાં દરેક વડીલ બંધુઓએ પોતાના ફરજનને કેળવણી આપી સદ્‌ગુણ યુક્ત કરવાં કે જેથી તેમનો સંસાર સુધરે; અને તેમનો વંશ પણ તે સુધારશે. ને આગળ જતાં આ સુધરતા જમાનામાં સારૂ કુળ પ્રાપ્ત કરી શકશે.

કુળ અને મોટાઇ મ્હોઢે માગ્યાં મળતાં નથી પણ તેવાં કૃત્ય, અને ગુણ ગ્રહણ કરી વિનયથી વર્તીશુ તો તેની કીંમત જનસમાજમાં થશે.

મનુષ્યનાં સુકૃત્યો, અને દુષ કૃત્યો ઢાંકયાં રહેતાં નથી. તે તેની મેળેજ ઊઘાડાં પડે છે, માટે આ આગળ વધતા જમાનામાં દરેક મનુષ્યે હરેક વસ્તુમાંથી ગુણ ગ્રહણ કરી, પોતામાં વસ્તા દુર્ગુણનો ત્યાગ કરી સહવિનય વર્તી કુટુંબ નિર્વાહ માટે સુઊદ્યોગ શોધવો એમાંજ આપણું સાર્થક છે.

કુળને વંશ પરંપરાનો વારસો ગણશો નહીં. કારણ કે પોતે કુળવાન ધારતા હોય તેમના સંતાનમાં એમ ફાંકો ભરાઇ બેશસે કે આપણ કુળવાન છીએ. આપણને કન્યાનો ટોટો નથી. આપણે શા માટે વિદ્યાભ્યાસ કરવો જોઈએ. બાપનું છે તે ખાઇશું. આવા આવા તરંગોથી તે ભણતા કે ગુણ ગ્રહણ કરતા નથી. પણ ફક્કડ થઇ ફરતા ફરી દુરવ્યસનને આખરે તાબે થાય છે, ને કન્યા આપનારને તેની બધી ઝખમારવી પડે છે. માટે કુળવાન હોય, તે તો એમ કહેતા નથી. તે તો નમ્ર અને વિનયી રહે છે, આ લખાણ મ્હે આ જમાનામાં મનાતા મતને અનુસરીને :નિઃષપક્ષપાતે લખ્યુ છે, તેમાં મ્હારાથી કંઇ અયોગ્ય લખાયુ હોય તો ક્ષમા માગુછું.

છ. મ. પં.

કુસંપ વિશે.

આપણી નાતમાં કુસંપ રૂપી સડો ઘણા દિવસથી પેઠેલો છે. જ્યારે સાડત્રીશના પ્રથમ બંધ બાંધ્યા; ત્યારે આવો કુસંપ નહોતો. તે બાંધનાર, આપણા વૃદ્ધો ઘણા ડાહ્યા, અને સમજુ સંપથી કામ કરનાર હતા. અને તેથી પ્રતિષ્ઠા વધી. મ્હને આગળના કહેવા ઉપરથી યાદમાં છે કે જ્યારે અમદાવાદમાં બાપા શાસ્ત્રી એ મહારૂદ્ર કર્યો; ત્યારે સ્વજ્ઞાતીબંધુઓની* ઘણી સંખ્યા ભેગી થઇ હતી. અને તે વખત બધા જ્ઞાતીબંધુમાંથી સાડત્રીસના તડવાળાઓની સારી પ્રશંસા થઇ હતી. તેને હજુ એક સૈકુ થયુ નથી. તેટલામાં આપણામાં કુસંપે અને દ્વેશ ભાવે પ્રબળ પ્રવેશ કરેલો છે. રે ? ? જે ગામમાં બે ત્રણ ઘર છે ત્યાં પણ કુસંપ અને અદેખાઇ પ્રવૃર્તિ છે; તો જ્યાં વધારે ઘર હશે, ત્યાં તો પુછવુંજ શું ? કોઇને ત્યાં સારો કે માઠો અવસર આવે કે તેના ભોગ ફરે છે, એટલે તેને તેના ઉપર ખારે બળનારને ઓળસવા પડે છે. તે વળી ના, હા કરે છે; તેને પજવે છે, અને અનેક વિઘ્ન નાંખી પોતાની મરજી પ્રમાણેની સરતો તેની પાસે કબુલ કરાવે છે પ્રિયબંધુઓ, તમે વિચાર કરશો કે-આમ ખાસ દ્વેશ, વેર રાખ્યાથી શું બને તેવું છે, માણસ તો માત્ર નિમત્ત છે, પણ ઇશ્વરનું ધાર્યું સર્વ થાય છે. મનુષ્ય ખાલી અપવાદ લે છે; ને લોકોમાં ખોટા દેખાય છે, આવુ ના કરતાં સામાનું ભલુ તાકશો તો, તમારૂ ઇશ્વર નકી ભલુ કરશે.

સ્વજ્ઞાતિમાં દ્રવ્યવાન્ તેજવાન, બુદ્ધિવાન માણસો હશે તો, તેની કેટલીક દેખાદેખીથી ઉછરતી પ્રજા અનુકરણ કરશે. પણ બીજાનું બદબોલવાથી, અગર તેને હલકો પાડવાનો પ્રયત્ન કરવાથી કંઇ વળતુ નથી. પણ આપણા ઉપર પ્રભુની કૃપા હોય છે, તે પણ જતી રહે છે. અને સામાનું જેવું કરવા ઇચ્છિતા હોઇએ તેવુ આપણું થાય છે. તે ઉપર દહોરો.

દોહરો.

ઇચ્છે જેવું અવરનું, એવુ આપનું થાય;
નહી માનો તો કરી જુઓ, જેથી તુરત જણાય.

કુસંપથી મોટાં મોટાં રાજ્ય તૂટી પાયમાલ થઇ ગયાં છે, તો આપણ ગરીબ શા હીસાબમાં-સર્વે જોશાતો, અદેખા બીજાના ઉપર

---

* અરાડ હજાર શ્રીગોડની સંખ્યા.

દ્વેશ કરનાર, બીજાને ડુબાવાનો પ્રયત્ન કરનાર હમેશ બળતો દેખાય છે; ને ઇશ્વરનો અપરાધી થઇ બુરી હાલતે નર્કના ખાડામાં પડે છે.

માટે રે ! ! સુજ્ઞબંધુઓ કુસંપ અને દ્વેશનો આવેશ કાઢી નાંખી સંપીને રહો. તેમાં તમને જંપ અને સુખ મળશે, કુસંપથી અન્યોઅન્ય સુખી થશો નહીં, વળી જેનાં માબાપ કુસંપી અને ખારીલાં હોય છે, તેનાં સંતાનપણ તેમનું જોઈ તેવાં થાય છે. કુસંપથી પાછળનો વંશ નબળો પડે છે, ને આખર યાદવોની પેઠે પાયમાલી થાયછે.

છપ્પો.

કૌરવ, પાંડવ, કુળ, મુળથી નાંખ્યાં ખંડી;
જો લક્ષ્મીને કાજ, સંપની ઇચ્છા છાંડી;
બહુ હિંદુનાં રાજ્ય, સંપ તજવાથી તુટયાં
દિલ્લીપતિ સુલતાન, સંપ જાતાં ઘર ફુટયાં
પરી પુરણ લક્ષ્મી પામીને સંપ વિના નહી સુખલીએ;
હોય ઘરમાં ઘણો કુસંપ તો મોટા પણ મરવા ચહે.

દોહરો.

તન રોગી, શીર શત્રુતા, ધન આવે ને જાય;
પણ જો સંપ કુટુંબમાં શીતળ રહે સદાય,
જગમાં બહુ જન ધન વિના સંપ થકી સુખવંત;
શાખ પુરે સંસારમાં, એની લોક અનંત.

જો કુસંપ રૂપી શત્રુનો નાશ કરશો, અને સંપ સંપીને સ્વજ્ઞાતિમાં સુધારા કરશો તો, એકજ દશકામાં તમારી સ્થીતિમાં ફેર પડી જશે. અને બીજી અન્ય નાતો જુઓ, તેમાં કેવા સુધારા દાખલ થયા છે. ધારાળા સરખા પછાત કોમનાએ પોતાની નાતમાંથી, કન્યા વિક્રય, દારૂ, ચોરી વિગેરે અનાચાર મુકી દીધા છે, અને ઠામ, ઠામ ઊદ્યમે લાગી ગયા છે. તો આપણ સર્વ જ્ઞાતિમાં શ્રેષ્ટ મનાતા બ્રાહ્મણો કુસંપ અને દ્વેશની જાળમાં ફસાઇ, અધમ આચરણ આચરીએ છીએ, તે આપણને શરમાવા જેવું છે. માટે હવે સમય ફર્યો છે; તેને અનુસરીને કંઇ ચેતો અને તમારાં સંતાનોને સુખી કરવા કુસંપ કાઢી નાંખી હળી મળી એક બીજાને સારા કામમાં મદદ કરો.

બીજા દેશોની હકીકત, અને ઇતિહાસથી વાકેફ થાઓ. તેમની રીતભાત અને સંપ કેવાં છે તે જુઓ. તેમનું અનુકરણ કરો.તમારાં સંતાનોને કુસંપ શત્રુથી બચાવો. કૃપાળુ પ્રભુ તમને અને તમારાં કુટુંબને કુસંપથી બચાવો એવી મ્હારી તે કૃપાળુ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે. તથાસ્તુઃ

છ. મ. પં.

શ્રીગણેશાય નમઃ ॥ શ્રીમહાલક્ષ્મ્યૈ નમઃ॥ શ્રીનગરથી ણોનાં તથા અણહિલપુર (પાટણ) ના નિવાસી શુકલ ગુરૂવારને દિવસે બહુ જ્ઞાનપૂર્વક બોલા (અટક) વેદ, શાખા, કુલદેવી તથા સિદ્ધરાજ

અનુ. સંખ્યા	ગામ ઉપરથી અટક પડી તે.	ગોત્રનાં નામ.	પ્રવર સંખ્યા	પ્રવર નામ.	પ્રવર નામ.	પ્રવર નામ.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	ભાદ્રોણિયા	વત્સસ	૫	ભાર્ગવ. ૧	ચ્યાવન ૨	આપ્નુવાન. ૩
૨	વડેલિયા	કુશિકસ	૩	વિશ્વામિત્ર ૧	દેવરાત. ૨	ઔદલ ૩
૩	છાળેચા	કૌશિક	૩	કૌશિક. ૧	અઘમર્પણ ૨	વિશ્વામિત્ર. ૩
૪	કાશ્મેરિયા	ગર્ગસ	૩	ગાર્ગ્ય ૧	આંગિરસ. ૨	બાર્હસ્પત્ય. ૩
૫	મોડાશીયા	ચન્દ્રાત્રિ	૩	આત્રેય ૧	આર્ચનાનસ. ૨	શાવાશ્વ. ૩
૬	મોડાશીયા	કૃષ્ણાત્રિ	૩	,,	,,	,,
૭	મોડાશીયા	કાત્યાયનિ	૩	વિશ્વામિત્ર	કાત્ય. ૨	આત્કિલ. ૩
૮	બૂટિયા	કુન્ડિન	૩	વસિષ્ઠ.	મૈત્રાવરણ. ૨	કૌડિન્ય. ૩
૯	નાહાપલ	ભરદ્વાજ	૩	આંગીરસ. ૧	બાર્હસ્પત્ય. ૨	ભારદ્વાજ. ૩
	કપડવંચા	,,	,,	,,	,,	,,
૧૦	ધોળકિયા	શાંણ્ડિલ્ય	૩	શાંણ્ડિલ્ય. ૧	અસિત. ૨	દવલ. ૩

મહાલક્ષ્મીએ માલવદેશમાં વસાવેલા શ્રીગૌડ બ્રાહ્મ-
સિદ્ધરાજ(જયસિંહ) વિક્રમસંવત ૧૧૮૦ માર્ગશીર્ષ
વેલા શ્રીગૌડ બ્રાહ્મણોનાં ગોત્ર, પ્રવર, અવટંકું
(જયસિંહ) નાં આપેલાં ગામ નીચે પ્રમાણે.

પ્રવર નામ.	પ્રવરનામ.	અવટંક.	વેદ.	શાખા.	કુળદેવીનું નામ.	રિમાર્ક.
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
ઔર્વ૨	જામદગ્ન્ય ૫	જોશી. ૧ શુકલ. ૨ ભટ્ટ. ૩	શુકલ યજુર્વેદ.	માધ્યન્દિન વાજસનય શાખા.	લક્ષેશ્વરી (વા) ભદ્રકાળી.	
૦	૦	પાઠક. ૧ ભટ્ટ. ૨	,,	,,	ક્ષમ-કલ્યાણી.	આ દેવી, સોજીત્રામાં છે.
૦	૦	દ્વિવદી(દવે)૧ શુકલ. ૨	,,	,,	મયુર-વાહિની.	
૦	૦	શુકલ. ૧ જોશિ. ૨	,,	,,	કુંડાસના.	આદેવી ગાનાબોરીયામાં કંડાલજા નામથી ઓળખાય છે.
૦	૦	દવે. ૧ પુરોહિત.૨	,,	,,	આશાપુરી	
૦	૦	દવે	,,	,,	કૃષ્ણાત્રિ કુલદેવી	
૦	૦	પાઠક શુકલ	,,	,,	મહાલક્ષ્મી	
૦	૦	,,	,,	,,	ખુટદેવી	
૦	૦	પાઠક. ૧ શુકલ. ૨ દવે ૧ ગોર ૨	શુકલ યજુર્વેદ. ,,	માધ્યન્દિન વાજસનય શાખા.	કુંડાસના ,,	
૦	૦	દવ. ૧ શુકલ. ૨	,,	,,	મહાશ્રી	

અનુ. સંખ્યા	ગામ ઉપરથી અટક પડી તે	ગોત્રનાં નામ.	પ્રવર સંખ્યા	પ્રવર નામ.	પ્રવર નામ.	પ્રવર નામ.
૧	૨	૩	૪	૫	૬	૭
૧૧	ઇંધણોરા	ઉપમન્યુ	૩	વસિષ્ઠ ૧	ઇંદ્રપ્રમદ ૨	આભરદ્વસુ. ૩
૧૨	પંડોલિયા.	ચારક	૩	ભાર્ગવ ૧	વૈતિહવ્ય ૨	સાવેવસ ૩
૧૩	ગસુડિયા	પરાશરા	૩	વસિષ્ઠ ૧	શાક્ત્ય ૨	પારાશર્ય ૩
૧૪	સુંદરણિયા	વામકક્ષ્યાયણ	૩	આત્રેય ૧	આર્ચનાનસ. ૨	શાવાશ્વ ૩
૧૫	સિહોલિયા	વસિષ્ટ	૧	વાસિષ્ઠ ૧	૦	૦
૧૬	ભાથલિયા	હારિત	૩	આંગિરસ ૧	આંબરીપ ૨	યૌવનાશ્વ ૩
૧૭	કરશાડિયા	કાસ્યપ	૩	કાસ્યપ ૧	અવત્સાર ૨	નૈધ્રુવ ૩
૧૮	ખેડિયા	બિદુલસ	૩	આંગીરસ ૧	આમહીયવ ૨	ઓરુક્ષ
૧૯	મુંડાઢોલા	મુદ્રલ	૩	આંગિરસ ૧	ભામ્યશ્વિ ૨	મૌદ્રલ્ય ૩
૨૦	પેટલાદા	અત્રિ	૩	આત્રેય ૧	આર્ચનાનસ ૨	શાવાશ્વ ૩
૨૧	લાછલા	ગૌતમ	૩	ગૌતમ ૧	આંગિરસ ૨	આયાસ્ય ૩
૨૨	સંધાણિયા	મૌનસ	૩	મૌનસ ૧	આંગિરસ ૨	બાર્હસ્પત્ય. ૩
૨૩	વત્રોયિયા	વત્સસ	૫	ભાર્ગવ ૧	ચ્યાવન ૨	અપન્યુવાન
૨૪	ડભોયા	”	”	”	”	”

પ્રવર નં.	પ્રવરનામ.	અવટંક.	વેદ.	શાખા.	કુળદેવીનું નામ.	રિમાર્ક.
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૦	૦	દવે ૧ પુરોહિત ૨ દિક્ષિત ૩	,,	,,	ક્ષેમલક્ષેશ્વરી	
૦	૦	દવે ૧ તરવાડી ૨	,,	,,	જયાંબિકા	
૦	૦	જોશી ૧ દવે ૨	,,	,,	ચામુંડા	
૦	૦	વ્યાસ ૩	,,	,,	વામદેવી	
૦	૦	દવે ૩	શુકલયજુર્વેદ	,,	અજગવા	
૦	૦	પંડયા ૧	,,	,,	અંબિકા	
૦	૦	પાઠક ૧ વ્યાસ ૨ દવે ૩ પંડયા ૪	શુકલયજુર્વેદ.	માધ્યન્દિન વાજસનય શાખા	મુક્તેશ્વરી	
૦	૦	પંડયા ૧ દવે ૨ ત્રિવેદી ૩	,,	,,	ચામુંડા	
૦	૦	પંડયા ૧	,,	,,	ભદ્રારિકા	
૦	૦	જોશી ૧ પંડયા ૨	,,	,,	બાલરક્ષા	
૦	૦	વ્યાસ ૧	,,	,,		
૦	૦	જોશી ૧	,,	,,	સર્વમંગળ	
ઔર્વ ૪	જામદગ્ન્ય ૫	જોશી ૧	,,	,,	ભદ્રકાળી	
,,	,,	પંડયા ૧	,,	,,	,,	

અનુ. સંખ્યા	ગામ ઉપરથી અટક પડી તે.	ગોત્રનું નામ.	પ્રવર સંખ્યા	પ્રવર નામ.	પ્રવર નામ.	પ્રવર નામ.
૧	૨	૩	૪	૫	૬	૭
૨૫	ધારાશણિયા	ભરદ્વાજ ૯	૩	આંગિરસ ૧	બાર્હસ્પત્ય. ૨	ભારદ્વાજ ૩
૨૬	ચિકવારીયા	૯	,,	,,	,,	,,
૨૭	ચંચુલા	૯	,,	,,	,,	,,
૨૮	ભરકુડિયા	૯	,,	,,	,,	,,
૨૯	બોરીયુ	૯	,,	,,	,,	,,
૩૦	સંધાણીયા	૯	,,	,,	,,	,,
૩૧	ભાલજા	ભરદ્વાજ ૯	૩	આંગીરસ	બાર્હસ્પત્ય	ભારદ્વાજ
૩૨	લુડાવા	કૃષ્ણાત્રિ ૫	૩	આત્રેય ૧	અર્ચનાનસ ૨	શાવાશ્વ ૩
૩૩	ચાંગડિયા	શાંડિલ્ય ૧૦	૩	શાંડિલ્ય. ૧	અસિત ૨	દેવલ ૩
૩૪	ગંભિરિયા	કૌશિક ૩	૩	કૌશીક ૧	અઘમર્ષણ	વિશ્વામિત્ર. ૩
૧	જરગાલા	અત્રિ	૩	આત્રેય ૧	અર્ચનાનસ	શાવાશ્વ ૩
૨	સાન્દરખા	ગર્ગસ	૩	ગર્ગ. ૧	આંગિરસ ૨	બાર્હસ્પત્ય. ૩
૩	મેગાલા	કૌશિક	૩	કૌશિક ૧	અઘમર્ષણ. ૨	વિશ્વામિત્ર. ૩

પ્રવર નામ.	પ્રવરનામ.	અવટંક.	વેદ.	શાખા.	કુળદેવીનું નામ.	રિમાર્ક.
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૦	૦	„	„	„	કુંડાસના	
૦	૦	વ્યાસ ૧ ઉપાધ્યાય	„	„	„	
૦	૦	દીક્ષિત ૧	„	„	„	
૦	૦	મેહેતા ૧	„	„	„	
૦	૦	પંડ્યા ૧	„	„	„	
૦	૦	દવે ૧ પાઠક ૨	„	„	„	
૦	૦	દીક્ષિત ૧ જોશી	શુકલ યજુર્વેદ.	માધ્યન્દિન વાજસનેય શાખા	કુંડાસના	
૦	૦	જોશી ૧ પંડ્યા ૨	„	„	કૃષ્ણાત્રિ.	
૦	૦	વ્યાસ ૧ ઉપાધ્યાય. ૨	„	„	મહાશ્રી	
		જોશી ૧	„	„	મયુરવાહિની	
૦	૦	પંડ્યા ૧			ઓરલા	
૦	૦	પાઠક ૧			મહારિદા	
૦	૦	પંડ્યા ૧			ક્ષમાકરી	

શ્રી

કાઠીઆવાડી શ્રી ગૌડ બ્રાહ્મણ માળવામાંથી આવી કાઠીઆવાડમાં રાજકોટ, ગોંડળ, લોધિકા, જુનાગઢ વગેરે સ્થળોમાં રહે છે. તેમની સંખ્યા આસરે ૫૦૦ છે ત્યાં બે તડા છે. ૧ ગુજરાતીનું, ૨ સોરઠીનું છે તેમનો બધો સંપ્રદાય સરખો છે. ત્યાં આઠ ગોત્રના શ્રી ગૌડ છે. તે ગોત્ર, અટક નીચે મુજબ.

ગોત્ર	પ્રવર સંખ્યા	અટક	શાખા	દેવી	વેદ
કુશિકસ	૩	ભટ્ટ	માધ્યંદિન શાખા	ક્ષેમ કલ્યાણી	યજુર્વેદ
શાંડિલ્ય	૩	જોશી	વાજસનેય શાખા	મહાશ્રી	,,
ચંદ્રાત્રી	,,	,,	,,	આશાપુરી	,,
મૌનસ	,,	,,	,,	સર્વમંગલા	,,
ગર્ગસ	,,	,,	,,	કુંડાસના	,,
પરાશર	,,	પંડયા	,,	ચામુંડા	,,
મુદ્ગલ	,,	દવે	,,	ભટારિકા	,,
ભરદ્વાજ	,,	મેહેતા	,,	કુંડાસના	,,

શ્રી

માળવામાં નિવાસ કરતાં શ્રી ગૌડ બ્રાહ્મણોના બે જથા છે.
એક ઇંદોરનો જથો, ને બીજો ધારનો જથો,
ગામમાં સંખ્યા નીચે મુજબ.

ગામનું નામ.	માળવી શ્રી ગૌડ બ્રાહ્મણોનાં ઘરાંની સંખ્યા.
ઇંદોર	૨૫૦
ઉજજન	૧૫૦
હાથોદ	૧૨
ચારોડા	૧૫
દેપાલપુર	૬૦
ધાર	૧૦૦
બડનગર	૭
કુજેતા	૨૦
રતલામ	૧૭

શ્રી
સાડત્રીસના જીર્ણ (ગૃહસ્થ) શ્રી ગૌડ બ્રાહ્મણનાં ઘરાં તથા ગામની સંખ્યા.

જથો.	ગામનું નામ.	જીર્ણ.	સંખ્યા
અંશાડ ગામ.	ખેડા	જીર્ણ	૪૮
	પલાણા	,,	૧૮
	તારાપુર	,,	૨૦
	નાર	જીર્ણ-નવીન	૪ ૧
	પીપલગ	જીર્ણ	૬
	બડકદ	,,	૩
	હેરંજ	,,	૬
	ડાકોર	,,	૭
	અલીંદ્રા	,,	૩
	ડભાણ	,,	૨
	ગળીઆણા	,,	૧
	વરસડા	,,	૨
	ત્રાજ	,,	૧
બીજો જથો ૧૩ ગામ			
	કવિઠા	જીર્ણ	૩૦
	બોરસદ	,,	૧૦
	પેટલાદ	,,	૧૫
	શ્રીમેઘા	,,	૮
	શીહોલ	,,	૬
	વટાવ	,,	૪
	બોચાસણ	,,	૫
	નિસરાયા	,,	૧
	વીરોલ	,,	૨
	નાપા	,,	૧
ત્રીજો જથો પંચક ગ્રામ (૫)	મહુધા	જીર્ણ	૪૦
	ફીણાવ	,,	૧૩
	વડથલ	,,	૧૩
	ફુદણ	,,	૧૩
	વણસોલી	,,	૨
	ખરોલ	,,	૧૦
	કડી	,,	૧
	ફુપપરૂ	,,	૧

શ્રી

	ગામનુ નામ.	નવીન જીર્ણ.	સંખ્યા.
૧ વડોદરા પંચગ્રામ.	વડોદરા	નવીન	૨૫૫
		જીર્ણ	૪૦
	છાણી.	નવીન.	૩૭
			૫
	ગાંત્રી.	નવીન.	૨
		જીર્ણ.	૨૫
	શેવાશી.	નવીન.	૮
		જીર્ણ.	
	શીનોર	જીર્ણ.	૪
૨. મધ્યદેશ.	ડાકોર.	નવીન.	૫
		જીર્ણ	૧૦
	ઉમરેઠ.	નવીન.	૮
	મહુધા.	નવીન.	
		જીર્ણ.	૫
	લીંગડા.	નવીન.	૪૦
		જીર્ણ.	૨
	ઓડ.	નવીન.	૪
	ઢુણાદ્રા.	નવીન.	૩૦
		ખારોલા.	૫
	નડિયાદ.	નવીન.	૨૦
૩ મહીકંઠા પંચગ્રામ.	ભટાશી.	નવીન.	૬૫
	કોશીંદ્રા.	નવીન.	૨
	આંકલાવ.	નવીન.	૫
	ઉમેટા.	નવીન.	૪
	ખંભોળજ.	નવીન.	૪
૪ અમદાવાદ, ખંભાત તથા જંબુસર.	અમદાવાદ.	નવીન.	૪
		જીર્ણ	૧૦
	ખંભાત.	નવીન.	૪૫
		જીર્ણ.	૫૦
	જંબુસર.	નવીન.	૩૦
		જીર્ણ.	૪૫

દેશના શ્રીમાળનાં ગામ તથા ઘરો.

	નવીન.	
મધ્વાસ.	જીર્ણ.	૮૦
	નવીન.	૧
મોડાસા.	જીર્ણ.	૧૦૦
	ખારોલા.	૩૦
વીરપુર.	નવીન.	૧૨
ઝાલોદ.	નવીન.	૫૦
ગોઠીબ.	નવીન.	૬૦
હીરાપુર.	નવીન.	૧૨
	ખારોલા.	૧૦
નટવું.	નવીન.	૧
શામળા	નવીન.	૧
વાડીના ગોરાડા	નવીન.	૧૦
જુના ગોરાડા.	નવીન.	૭
શરગુવા મહુડી	નવીન.	૧
કાંનેસર.	જીર્ણ.	૭
ભાજુ કાંનેસર	જીર્ણ.	૧
ડોલરીયું.	જીર્ણ.	૨
ધનસુરા.	જીર્ણ.	૮
બાયડ.	નવીન.	૫
	ખારોલા.	૨
રમાસ.	નવીન.	૪૦
	નવીન.	૨
લુણાવાડા.	જીર્ણ.	૧૬
લાડવેલ.	નવીન.	૫૦
	નવીન.	૭
કાંકણપુર.	જીર્ણ.	૬૦
ગોધરા.	નવીન.	૨૫
	ખારોલા.	૩૫
દેશાલ.	નવીન.	૧૨
મેહુમાલ.	નવીન.	૧
કાશોલ.	નવીન.	૨
	જીર્ણ.	૬
રાજગઢ.	નવીન.	૩૦
કાણુઝરી.	જીર્ણ.	૧
ઓર.	નવીન.	૧૦
આકરાલ.	નવીન.	૩
	જીર્ણ.	૫
ચાંપાનેર.	નવીન.	૧

દેશના શ્રીગૌડનાં ગામ તથા ઘરો	કાંટડી.	નવીન.	૧૫
		જીર્ણ.	૨
	ટીંબા.	નવીન.	૪
		ખારોલા.	૧૦
	ચાટ કાએલી	જીર્ણ.	૧૦
	વડોદરા.	જીર્ણ.	૧
	લીંબડીયું.	ખારોલા.	૨
	ખારોલા.	ખારોલા.	૧૫
	ચોયલા.	નવીન.	૨
	ભલાડા	ખારોલા.	૨
	ઝાલાનુ મુવાડા.	ખારોલા.	૧૦
	કાંકંબા.	ખારોલા.	૧૨
	રાબડીઆ.	જીર્ણ.	૪૦
	વાડી.	ખારોલા.	૮
	વલવપુર.	ખારોલા	૭
	વનોડુ.	ખારોલા.	૩૦
	ભિજડા.	ખારોલા.	૮
	રતનપુર	નવીન.	૧
	સાવલી	જીર્ણ.	૨૦
	સાતદણા	જીર્ણ.	૭
	ડેસર.	જીર્ણ.	૫
	મોરવા.	જીર્ણ.	૭
	ગોરેલ	જીર્ણ.	૬
	વેજપુર	જીર્ણ.	૭
	કુણી.	જીર્ણ.	૩
	નદીસર	જીર્ણ.	૩
	રસલપર.	ખારોલા.	૨
	વરસડા.	ખારોલા.	૬
	જંત્રાલ.	ખારોલા.	૪
	ડાકોર.	ખારોલા.	૧૫

	ગામનુ નામ.	શ્રીગૌડનાં ઘરાં ની સંખ્યા.
કાશી તથા બરાનપુર વગેરે પ્રદેશોમાં રેહેનારા શ્રીગૌડનાં ઘરાં તથા ગામ.	કાશી.	૭
	બરાનપુર.	૬૦
	કોટા.	૧
	જયપુર	૧
	ઔરંગાબાદ.	૨૦
	હૈદ્રાબાદ.	૧૦

બીડી વિષે.

હાલના જમાનામાં બીડી પીવાનો પ્રચાર એટલો બધો વધી ગયો છે કે જ્યાં જુઓ ત્યાં ઉછરતા જુવાન, અને બાળકો પણ બીડી પીતા નજર આવે છે પ્રથમ શેહેરોમાં બીડીની દુકાનો હતી આજતો જોશો તો એક ના'ના ગામડામાં પણ બીડી મળી શકશે. રસ્તામાં શેરીઓમાં જોઇશું તો બીડીઓનાં પીધેલાં સેંકડો ખોખાં માલમ પડી આવશે. આ બીડી પીવાનો આટલો બધો ચેપ શાથી વધી ગયો. બારીક નજરથી જોશો તો દેખાદેખીથી પ્રચાર વધેલો માલમ પડશે. ચા'ની હોટલોમાં જોઇશું તો માલમ પડી આવશે કે જુવાનીઆઓ દિવસમાં કેટલી વખત ચા' પીએ છે, ને બીડીઓનો તો આંક રહેતો નથી. હવે બીડી ફાયદાકારક છે કે નુકશાનકારક છે તે વિષે થોડીક હકીકત બોધ રૂપે લખું છું તે વાંચવાથી શિખામણ ગ્રહણ કરશે તો ફાયદાકારક થઇ પડશે.

આપણા શાસ્ત્રકારોએ કોઈ પણ જાતનું વ્યસન ના કરવું, એવી જે આજ્ઞા કરેલી છે. તેનો અર્થ એટલોજ કે તેથી શરીર સંપત્તિ નાશ પામે છે, ને આયુષ્ય ઓછું થાય છે.

હંમેશ અને થોડી થોડી વારે બીડી પીવાથી અક્કલવાળા મનુષ્યની પણ અક્કલ એવી થઇ જાય છે કે બીડી પીવી એ હાનાકારક કૃત્ય છે અને કુદરતી નિયમથી ઊલટું છે એમ તેમને જણાતું નથી. શરૂઆતમાં ઉછરતા બાળકો છાનામાના બીડી પીતાં શીખે છે અને જેમ જેમ એ ચડસમાં મશગુર થાય છે. તેમ તેમ બીજાઓના આમન્યા મુકતા જાય છે, ને પછી તો છેકજ મર્યાદા હીન થઇ મોમાં બીડી ઘાલી ઉઘાડે છોક પીતા પીતા રસ્તામાં હીંડે છે નેધુમાડાના ગોટા કાઢતા જાય છે, અને વડીલોની તથા બીજા મો'ટા માણસની પણ શરમ ગણુતા નથી. એટલે બીડી પીવાથી વડીલની મર્યાદા તૂટી જાય છે.

પથારીથી ઉઠયા કે બીડી, ઝાડે ફરવા જાય કે બીડી, અમસ્થા ફરવા જાય કે બીડી, બેસે કે બીડી, જમતા પહેલાં બીડી, જમ્યા પછી તરતજ બીડી, જરા નવરા પડયા કે બીડી, રાત્રે બીડી, સુતી વખત બીડી, દરેક વખને બીડી, અરે બીડી કોઇ દેવી હોય એ પ્રમાણે એની ચાહના બીડી પીનાર કરે છે પણ અરે ? ? બીડી દેવી નથી, પણ એતો આયુષ્ય અને પ્રાણુને હણુનારી રાક્ષસી અને

પીસાચણી છે. મન અને બુદ્ધિને બગાડનારી ઝેરની બુટ્ટી છે. અમુલ્ય વખતને અને ધનને હણનારી, મોહ લગાડનારી જક્ષણી છે, અને ગળામાં અને પગમાં પડેલી લોખંડની બેડી છે. આવું સમજુ અને બુદ્ધિમાન માણસને પણ સમજાતું નથી એનું કારણ કે બીડી પીવાથી તેમના વિચાર, શક્તિ અને બુદ્ધિ ભ્રષ્ટ થઇ ક્ષીણ થાય છે. તમાકુના વ્યસનથી થતાં નુકશાનનું વર્ણન કરવા બેસીએ અને વિચારીએતો તેમાં ઘણુંજ અવગુણ માલમ પડશે.

વિદ્યાર્થીને બીડી પીવાનું વ્યસન પડશે, તો નિશ્ચય માનજો કે તેમના અભ્યાસમાં ખલેલ પડશે. કફ પડવાથી છાતી ખાલી થશે અને અભ્યાસના બોજાની સાથે બીડી પીવાના વ્યસનથી આખરે યુવાવસ્થામાં ક્ષય રોગના ભોગ થઇ પડશે. માટે વિદ્યાર્થીએતો બીડીને અડવુંજ નહીં જોઇએ. રે ??? તેનાથી ઘણુંજ બીવું. જેમ ઝેરી સાપણથી બીઓ છો, તેમ બીડી ઝેરી સાપણ છે. તેમ માની તેનાથી હંમેશ બીતા રહેવું અને પ્રથમથીજ મનમાં એવી દ્રઢતા કરવી કે બીડી નિષેધ ચીજ છે—નુકશાનકારક છે. માટે એને અડવું નહીં. આવો સંકલ્પ કરશો તો બીડીનો ભાર નથી કે તે તમને વળગી પડે વળી બીડી પીનારને વિદ્યાર્થીએ પોતાના સ્થાનમાં પેસવાજ ન દેવો અને એવો બીડી પીતો માલમ પડેતો તેના ઉપર ટીકા કરશો. તો તેની ટેવ કંઇ અંશે પણ સુધરશે.

ચારે વર્ણમાં ઉત્તમ જાત બ્રાહ્મણની છે. તેમને પ્રથમ જનોઇનો સંસ્કાર કરતાંજ ગુરૂજી ઉપદેશ આપે છે. કે કોઇ જાતનું વ્યસન ન કરવું, પણ જનોઇ પેહેરાવી રહ્યા કે તરતજ બીડી પીતા બ્રાહ્મણના બાળકો મ્હારી નજરે આવે છે તેનાં મા બાપ મૂર્ખની પેઠે જોઇ રહે છે. કોઇ કહે ત્યારે કહે કે એને ટેવ પડી છે તે મૂકતો નથી. અરે ?? આવાં અધમ મૂર્ખ મા બાપ શું પોતાના છોકરાને સુધારી શકશે ? કંઇજ નહીં. અફસોસ ? પણ રે ? અફસોસ લાવી બેઠા તેમાં શું થયું પોતાના જ્ઞાતિ સુધારનાર આગેવાન પુરૂષો કેટલો બધો શ્રમ લે છે તે બીજી જ્ઞાતિઓમાં નજર કરો. પૈસા, બુદ્ધિ અને જાત મહેનતનો કેટલો ભોગ આપી નાત ઉપર મહાન ઉપકાર કરી પોતાની નાત સુધારે છે. તેવાઓને ધન્યવાદ છે બીડી અને ચલમ પીનાર બ્રહ્મણોની શૂદ્રો પણ નીંદા કરે છે અને કહે છે કે મહારાજ પણ બીડી કે ચલમ પીતા દેખાય છે. અરે ? ઓછું

અધમ કહેણુ છે, પણુ હજુ મહારાજ કહે છે ત્યાં સુધી સારૂં છે. કંઇ મહત્તા છે. પણુ આવા અનાચાર જો વધતા જશે તો થોડા વરસમાં એવો વખત આવશે કે મહારાજને બદલે બામણા પણુ બીડી અને ચલમ પીતા થઇ ગયા છે તો આપણામાં અને તેમાં ફેરશો. એતો કોટે જનોઇ ભરવે છે. એટલુંજ આમ ઊઘાડે છોક કહેશે, ને ગોર દેવતા તરીકે પૂજાય છે. તે આવા દુર્વ્યસનથી પૂજાશે નહીં. ને લોકો હલકા નામથી બોલાવશે માટે રે ? જ્ઞાતિના ઊછરતા જુવાનો અને વિદ્યાર્થીઓ આજથી એવી ટેવ રાખો કે ગમે તેમ થાય તો પણ બીડી કે ચલમ પીવી નહીં, ને પીતા હોય તેણે તરતજ આ વાંચી ફેંકી દેવી ને ફરી નહીં પીવાની ટેક રાખી પ્રતિજ્ઞા લેવી કે હવે બીડી પીવી નહીં. ઇંગ્લાંડ સરખા ઠંડા દેશમાં પણ પ્રજાએ મળીને સરકારને અરજ કરી કાયદો કરાવ્યો કે કોઇ વિદ્યાર્થી બીડી પીતો માલમ પડે, તો તેને શાળામાંથી કાઢી મૂકી થોડો વખત કેદખાનામાં લઇ જવો આવા સખ્ત કાયદાથી ત્યાં વિદ્યાર્થીઓ બીડી પીતા નથી તેથી અભ્યાસમાં અને અક્કલમાં આગળ પડતા થયા છે.

આપણા બ્રાહ્મણ સમાજમાં ફક્ત નાતના કાયદાની રૂહીએ બીડી પીવાની સખ્ત મના કરશો તો એ કાયદોજ છે. પણુ સર્વ બાઇઓ ઊછરતી પ્રજાના રક્ષણાર્થે પોત પોતાના કુટુંબમાંજ સખ્ત બંદોબસ્ત કરશો તો બીડી પીવાનો ચાલ નીકળી જશે; એમાં શક નથી. માત્ર વડીલોની પોતાના બાળકોને આજ્ઞા મનાવવાની દ્રઢતા જોઇએ.

ઘણા માણસો ઉપરનું જ્ઞાન સમજી બીડી પીવી મૂકી દે છે. તો તેને કંઈ નુકશાન થતું નથી. માત્ર થોડા દિવસ વ્યસનનો બરબડાટ રહે. પણ મન દ્રઢ કરેલું, હોય, તો પછી કંઇજ નહીં. ને બીડી પીવી મૂકી દીધાથી મોં ઉપરનું તેજ વધશે કાળા પડી ગએલા હોઠ લાલાશ પર આવશે. સારાંશ બીડી પીનારનું મોં' શામતા ભરેલું હોય છે તેના કરતાં નહીં પીનારનું મૂખાર્વિંદ તેજસ્વી દેખાશે એમાં શક નથી. ના માનોતો અજમાવી જુઓ. તરતજ પોતાને માલમ પડી આવશે. માટે પ્રિય જ્ઞાતિ બંધુઓ આ માઠી ટેવ પોતાના બાળકને ન પડે તેને માટે ખૂબ કાળજી રાખો અને ટેવ પડી હોય તે સુધારવા પ્રયત્ન કરો. તો તમારાં ઊછરતાં બાળકો સુખી થઈ તમારો સંસાર સુધરશે.

સંવત ૧૯૬૬ ના આશ્વિન
સુકલપક્ષ પુર્ણિમા.
હાલ સુણાવ.
} છ. મ. પં.